RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 386 Dt. 31-07-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## રાજ્યસભામાં પણ 'એન્ટી પેપર લીક બિલ' પસાર

### કાયદો બનવાથી હવે માત્ર એક ડગલું દૂર : બિલ ધ્વનિમતથી પસાર થયું



નવી દિલ્હી, તા.૩૦

દેશભરમાં ગઊઊઝ પેપર લીકના વિવાદ વચ્ચે, સંસદમાં 'એન્ટી પેપર લીક બિલ' પસાર થતા કાયદા બનવાની તૈયારીમાં છે. લોકસભા બાદ વિરોધ પક્ષના વોકઆઉટ વચ્ચે રાજ્યસભામાં પણ આ બિલ ધ્વનિમતથી પસાર થયું. સરકારે આને લાખો વિદ્યાર્થીઓ માટે ઐતિહાસિક નિર્ણય ગણાવ્યો, જ્યારે વિપક્ષે કાયદાની કડકાઈ સામે પ્રશ્નો ઉઠાવ્યા. રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ આ નવો કાયદો અમલમાં આવશે. દેશભરમાં NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક અંગે ચાલી રહેલા ભારે વિવાદ અને વિદ્યાર્થીઓના આંદોલન વચ્ચે સંસદમાં પેપર લીક સામેનો નવો કાયદો બનાવવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. લોકસભા બાદ હવે વિપક્ષના ભારે હોબાળા અને વોકઆઉટ વચ્ચે રાજ્યસભામાં પણ 'એન્ટી પેપર લીક બિલ' ધ્વનિમતથી પસાર કરી દેવામાં આવ્યું છે. સરકારે આ બિલને દેશના લાખો વિદ્યાર્થીઓ અને પરિવારો માટે ઐતિહાસિક નિર્ણય ગણાવ્યો છે, જ્યારે વિપક્ષે આક્ષેપ કર્યો છે કે કડક કાયદાથી સમસ્યા ઉકેલાશે નહીં. રાજ્યસભાની લીલી ઝંડી મળવાની સાથે જ આ બિલ હવે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ કાયદો બનવાથી માત્ર એક કદમ દૂર છે.

રાજ્યસભામાં બિલ પર ચર્ચા દરમિયાન વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અંગે ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી હતી. વિપક્ષી સભ્યોએ સૂત્રોચ્ચાર કરીને ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. વિપક્ષના આ વલણ પર ગૃહના નેતા જે. પી. નડ્ડાએ આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે વિપક્ષ પાસે હવે કોઈ મુદ્દો બચ્યો નથી અને તેઓ જવાબ સાંભળવાને બદલે ભાગી રહ્યા છે. સંસદીય કાર્યમંત્રી ડો. જિટેન્દ્ર સિંહે બિલ રજૂ કરતા જણાવ્યું હતું કે આ મુદ્દો દેશના દરેક પરિવાર સાથે જોડાયેલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે મેનેજમેન્ટ કોટા નાબૂદ કરીને તબીબી શિક્ષણ સૌ માટે સરળ બનાવ્યું છે. સાંસદ રાઘવ ચઢ્ઢાએ ઉમેર્યું હતું કે સરકારે માત્ર ૭૫ દિવસમાં ચાર્જશીટ દાખલ કરીને ઝડપી કાર્યવાહી કરી છે અને ભવિષ્યમાં નીટ (NEET) પરીક્ષા કોમ્પ્યુટર આધારિત સિસ્ટમથી લેવામાં આવશે. રાજ્યસભામાં વિપક્ષના મલ્લિકાર્જુન ખડગેએ નેતાએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ૧૫૨ પરીક્ષાઓના પેપર લીક થયા છે. તેમણે અમિત શાહના રાજીનામાની માંગ કરી હતી. આમ આદમી પાર્ટીના સંજય સિંહ સહિતના સાંસદોએ સવાલ ઉઠાવ્યો હતો કે પરીક્ષા રદ થવાના કારણે લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમાં ધકેલાયું છે. શિવસેનાના સાંસદ સંજય રાઉતએ આરોપ લગાવ્યો હતો કે મહારાષ્ટ્રમાં પેપર લીકમાં પકડાયેલા મોટાભાગના આરોપીઓ શાસક પક્ષ સાથે જોડાયેલા છે. સપા સાંસદ પ્રો. રામગોપાલ યાદવએ કડક કાયદા સામે સવાલ ઉઠાવતા કહ્યું કે માત્ર દંડ વધારવાથી ગુનાઓ અટકતા નથી. તેમણે મેડિકલ પ્રવેશ પરીક્ષા લેવાનો અધિકાર ફરીથી રાજ્યોને સોંપવાની માંગ કરી હતી.

### લોકસભામાં 'વંદે માતરમ બિલ' પણ પસાર

રાજ્યસભામાં પેપર લીક બિલ પસાર થવાની સાથે જ લોકસભામાં પણ હંગામા વચ્ચે 'વંદે માતરમ બિલ' પસાર કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને ગૃહની કાર્યવાહી ૩૧ જુલાઈ, શુક્રવાર સુધી સ્થગિત કરવામાં આવી છે.

## ટોલ ટેક્સ બંધ થશે જ નહિ !



### સરકારનો સંસદમાં સ્પષ્ટ જવાબ : ભવિષ્યમાં પણ ટોલ સિસ્ટમ યથાવત રહેશે

નવી દિલ્હી, તા.૩૦

નેશનલ હાઈવે પર મુસાફરી કરતા વાહનચાલકો માટે મોટા સમાચાર છે. સરકારે સંસદમાં સ્પષ્ટ કર્યું છે કે હાલમાં દેશમાંથી ટોલ ટેક્સ હટાવવાનો કોઈ પ્રસ્તાવ નથી. ખાનગી કે સરકારી, તમામ રોડ પર ટોલ વસૂલાત ચાલુ રહેશે. ટોલ દ્વારા મળતા નાણાંનો ઉપયોગ હાઈવેના રિપેરિંગ, જાળવણી અને નવા હાઈવે બનાવવા માટે થાય છે. ભવિષ્યમાં પણ ટોલ સિસ્ટમ યથાવત રહેશે.

નેશનલ હાઈવે પર મુસાફરી કરતા વાહનચાલકો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. જો તમારા મનમાં પણ એવો સવાલ છે કે દેશમાંથી ટોલ ટેક્સ ક્યારે બંધ થશે, તો સરકારે સંસદમાં આ અંગે સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. સરકારે જણાવ્યું છે કે હાલમાં નેશનલ હાઈવે પરથી ટોલ ટેક્સ હટાવવાનો કે ટોલ પ્લાઝા બંધ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી.

પ્રાઈવેટ કે સરકારી, તમામ રોડ પર ટોલ વસૂલાત ચાલુ રહેશે

સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના જણાવ્યા મુજબ, પ્રાઈવેટ કંપનીઓ દ્વારા બનાવેલા રોડ પર કોન્ટ્રેક્ટનો સમય પૂરો થયા પછી પણ ટોલ વસૂલાત બંધ નહીં થાય. સમય મર્યાદા પૂરી થયા બાદ એ રોડ સરકાર હસ્તક આવી જશે અને નિયમો મુજબ આગળ પણ ટોલ લેવાનું ચાલુ રહેશે. આ સિવાય સરકારી ફંડથી બનેલા નેશનલ હાઈવે પર પણ ટોલ વસૂલાત યથાવત રહેશે. વ્હીકલ ટેક્સ અને ટોલ ટેક્સ વચ્ચે શું છે તફાવત?

સરકારે સંસદમાં સમજાવ્યું હતું કે રોડ ટેક્સ (વ્હીકલ ટેક્સ) અને ટોલ ટેક્સ બંને સાવ અલગ-અલગ છે. વ્હીકલ ટેક્સ ગાડી ખરીદતી વખતે રાજ્ય સરકારો દ્વારા લેવામાં આવે છે. જ્યારે બીજી તરફ, ટોલ ટેક્સ એ નેશનલ હાઈવેનો ઉપયોગ કરવા બદલ વાહનચાલકો પાસેથી લેવામાં આવતી 'યુઝર ફી' છે, જે ૨૦૦૮ના રાષ્ટ્રીય રાજમાર્ગ શુલ્ક નિયમો હેઠળ વસૂલવામાં આવે છે.

ટોલમાંથી મળતા નાણાંનો ક્યાં થાય છે ઉપયોગ?સરકારના જણાવ્યા પ્રમાણે, ટોલ ટેક્સ દ્વારા એકઠું થતું તમામ મહેસૂલ ભારતની સંચિત નિધિમાં જમા થાય છે. ત્યારબાદ બજેટ ફાળવણી દ્વારા આ પૈસાનો ઉપયોગ નેશનલ હાઈવેના રિપેરિંગ, જાળવણી, રસ્તા પહોળા કરવા અને નવા હાઈવે બનાવવાના પ્રોજેક્ટ્સ પાછળ કરવામાં આવે છે. હાઈવેના સતત વિકાસ અને તેની યોગ્ય જાળવણી માટે ટોલ સિસ્ટમમાંથી મળતી આવક ખૂબ જ જરૂરી છે. તેથી દેશમાં તમામ ટોલ પ્લાઝા હાલના નિયમો અનુસાર જ કામ કરતા રહેશે અને ટોલ વસૂલાત ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

## પેપર લીક કરનારાઓને છોડાશે નહિ



PM મોદીનો સોશિયલ મીડિયા પર કડક મેસેજ

નવીદિલ્હી,તા.૩૦

વડાપ્રધાન મોદીએ 'એન્ટી પેપર લીક બિલ' સંસદમાં પસાર થતાં યુવાનોને મોટી રાહત આપી છે. તેમણે વીડિયો સંદેશમાં જણાવ્યું કે, પેપર લીક ગેંગને બક્ષવામાં નહીં આવે. આ બિલ હવે રાષ્ટ્રપતિની મંજૂરી બાદ કાયદો બનશે. સરકાર પરીક્ષા પ્રણાલીમાં પારદર્શિતા લાવવા કટિબદ્ધ છે. ભવિષ્યમાં NEET જેવી પરીક્ષાઓ કમ્પ્યુટર આધારિત સિસ્ટમથી લેવાશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એક ખાસ વીડિયો સંદેશ જાહેર કરીને દેશના યુવાનો અને વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે સંસદે દેશની પરીક્ષા પદ્ધતિને વધુ મજબૂત અને પારદર્શી બનાવતું મહત્વનું બિલ પસાર કરી દીધું છે.

દેશભરમાં NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક અંગે ચાલી રહેલા વિવાદ વચ્ચે સંસદમાં નવો કાયદો બનાવવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. લોકસભા બાદ હવે રાજ્યસભામાં પણ 'એન્ટી પેપર લીક બિલ' ધ્વનિમતથી પસાર કરી દેવામાં આવ્યું છે. રાજ્યસભાની મંજૂરી મળતાં જ આ બિલ હવે રાષ્ટ્રપતિની સહી બાદ કાયદો બનવાથી માત્ર એક ડગલું દૂર છે. વડાપ્રધાને કહ્યું કે, છેલ્લા કેટલાક દાયકાઓથી દેશનું દરેક રાજ્ય અને કેન્દ્ર સરકાર પેપર લીકની ગંભીર સમસ્યાનો સામનો કરી રહી છે. આ ગેરરીતિઓને કારણે લાખો નિર્દોષ બાળકોના ભવિષ્ય સામે મોટું સંકટ ઊભું થઈ રહ્યું છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને હવે સમગ્ર દેશની શિક્ષણ વ્યવસ્થામાં મોટા પાયે સુધારા કરવા અનિવાર્ય બની ગયા છે.શિક્ષણ ક્ષેત્રે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા ડ્ઝ્ખ મોદીએ કડક ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે દેશના બાળકોના ભવિષ્ય સાથે રમત રમતી પેપર લીક ગેંગ અને પેપર માફિયાઓને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં નહીં આવે. આવા ગુનાઓને રોકવા માટે જ દેશમાં કડક કાયદા લાવવામાં આવ્યા છે.પરીક્ષાઓમાં ગડબડ રોકવા માટે ટાસ્ક ફોર્સની રચના કરવા, ફાસ્ટ ટ્રેક અદાલતો ઊભી કરવા અને તમામ રાજ્યોના સૂચનોને ધ્યાનમાં લેવા માટે સરકાર સતત પગલાં ભરી રહી છે. આવી અન્યાયી પરિસ્થિતિઓને લાંબા સમય સુધી ચાલવા દેવામાં નહીં આવે અને પરીક્ષા સુધારાનું આ કામ આગળ પણ સતત ચાલુ રહેશે.

રાજ્યસભામાં બિલ પર ચર્ચા દરમિયાન વિપક્ષી સાંસદોએ ભારે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અંગે નિવેદનની માંગ કરીને ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું. વિપક્ષના આ વલણ પર ગૃહના નેતા જે. પી. નડ્ડાએ આકરા પ્રહારો કરતા કહ્યું હતું કે વિપક્ષ પાસે હવે કોઈ મુદ્દો બચ્યો નથી અને તેઓ જવાબ સાંભળવાને બદલે ભાગી રહ્યા છે. સંસદીય કાર્યમંત્રી ડો. જિટેન્દ્ર સિંહે બિલ રજૂ કરતા જણાવ્યું હતું કે આ મુદ્દો દેશના દરેક પરિવાર સાથે જોડાયેલો છે. સરકારે મેનેજમેન્ટ કોટા નાબૂદ કરીને તબીબી શિક્ષણ સૌ માટે સરળ બનાવ્યું છે. આ સિવાય સાંસદ રાઘવ ચઢ્ઢાએ ઉમેર્યું હતું કે સરકારે માત્ર ૭૫ દિવસમાં ચાર્જશીટ દાખલ કરીને ઝડપી કાર્યવાહી કરી છે અને ભવિષ્યમાં NEET પરીક્ષા કોમ્પ્યુટર આધારિત સિસ્ટમથી લેવામાં આવશે.બીજી તરફ, લોકસભામાં પણ હંગામા વચ્ચે 'વંદે માતરમ બિલ' પસાર કરી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને ગૃહોની કાર્યવાહી ૩૧ જુલાઈ, શુક્રવાર સુધી સ્થગિત કરવામાં આવી છે.

## નેપાળમાં કોમી હિંસા ૬ શહેરોમાં કર્ફ્યૂ : ૩ મોત

### નેપાળના સુનસરી જિલ્લાના કપ્તાનગંજમાં બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણ



નવી દિલ્હી, તા.૩૦

નેપાળના સુનસરી જિલ્લાના કપ્તાનગંજમાં બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. ડીજે સંગીતને લઈને શરૂ થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. પરિસ્થિતિ વણસતા સિરાહામાં ગુરુવારે બપોરે ૨ વાગ્યાથી અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાગુ કરાયો છે. પોલીસ ગોળીબારમાં ૧ યુવકનું મોત થયું. આ બંને જિલ્લાઓ બિહાર સરહદને અડીને આવેલા છે. નેપાળના સુનસરી જિલ્લાના દેવાનગંજ અને કપ્તાનગંજ વિસ્તારમાં બોલબમ (કાંવડ) યાત્રા દરમિયાન શરૂ થયેલી કોમી હિંસા હવે દેશના અન્ય ઘણા શહેરોમાં ફેલાઈ ગઈ છે. છેલ્લા ૪ દિવસથી ચાલી રહેલી હિંસા, તોડફોડ, પથરાવ, આગજની અને પોલીસ સાથેના ઘર્ષણે કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

સ્થિતિને કાબૂમાં લેવા માટે વહીવટીતંત્રે ૬થી વધુ શહેરોમાં અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાદી દીધો છે અને સંવેદનશીલ વિસ્તારોમાં સેનાને હેલિકોપ્ટર સાથે મોરચો સંભાળવાની ફરજ પડી છે.આ હિંસક ઝઘડાઓ અને પોલીસ ગોળીબારમાં અત્યાર સુધીમાં ૩ લોકોના મોત નીપજ્યા છે, જ્યારે ડઝનબંધ લોકો ગોળી વાગવાથી અને પથરાવમાં ઘાયલ થયા છે. ઘાયલોમાં પ્રદર્શનકારીઓ, સ્થાનિક નાગરિકો અને સુરક્ષાકર્મીઓ પણ સામેલ છે. તોફાનીઓએ સરકારી અને ખાનગી મિલકતોને ભારે નુકસાન પહોંચાડ્યું છે તેમજ ડઝનબંધ વાહનો અને દુકાનોને સળગાવી દીધી છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, ૨૬ જુલાઈના રોજ જ્યારે શ્રદ્ધાળુઓ પવિત્ર જળ લઈને યાત્રા કાઢી રહ્યા હતા ત્યારે ડીજેના મોટેથી વાગતા સંગીત સામે બીજા સમુદાયે વાંધો ઉઠાવ્યો હતો. આ સિવાય મંદિરની જાહેર જમીન પર મુહર્રમ નિમિત્તે લગાવવામાં આવેલો ઝંડો હટાવવા અંગે પણ લાંબા સમયથી વિવાદ ચાલતો હતો. બોલબમ યાત્રા શરૂ થતાં જ કાંવડીયાઓ પર અચાનક હુમલો કરવામાં આવ્યો હતો, જે બાદ બંને પક્ષો લાકડીઓ, પથ્થરો, વાંસ અને લોખંડના સળિયા સાથે સામસામે આવી ગયા હતા.સ્થિતિ વણસતાં સુનસરી, સિરાહા, ઈનરવા, જનકપુર, ગોલબજાર અને લહાન સહિતના શહેરોમાં અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાગુ કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે સુનસરી અને સિરાહા જિલ્લાઓ ભારતના બિહાર રાજ્યની સરહદને અડીને આવેલા છે. સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ જનકપુરમાં આજે બપોરે ૩:૩૦ વાગ્યાથી અને સિરાહામાં બપોરે ૨:૦૦ વાગ્યાથી અનિશ્ચિત મુદતનો કરફ્યુ લાદવામાં આવ્યો છે.

## ગુજરાત સહિત ૧૯ રાજ્યોમાં વરસાદી આફત!



ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં રેડ એલર્ટ અને તંત્ર હાઈ એલર્ટ પર

નવી દિલ્હી, તા.૩૦

ભારતીય હવામાન વિભાગે ૩૧ જુલાઈના રોજ ગુજરાત સહિત ૧૯ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આપી છે. ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે, જેમાં અમદાવાદ અને સુરતનો સમાવેશ થાય છે. તંત્ર હાઈ એલર્ટ પર છે અને NDRF-SDRF સહિત સેનાને સ્ટેન્ડબાય રખાઈ છે. શાળાઓ-કોલેજો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા ૩૧ જુલાઈ ના રોજ ગુજરાત સહિત દેશના કુલ ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી (Heavy Rainfall Warning) આપવામાં આવી છે. ચોમાસુ સિસ્ટમ વધુ સક્રિય થવાના કારણે દેશના પશ્ચિમ, ઉત્તર, મધ્ય અને પૂર્વોત્તર રાજ્યોમાં આગામી દિવસોમાં મુસળધાર વરસાદ, ગાજવીજ, ભારે પવન અને અચાનક પૂર આવવાની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. ગુજરાતમાં ૩૧ જુલાઈ થી ૨ ઓગસ્ટ વચ્ચે મુસળધાર વરસાદનું પૂર્વાનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. રાજ્યના રાહત કમિશનર ગૌરાંગ મકવાણા અને હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ભાવનગર, બોટાદ, અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર, ગાંધીનગર, ખેડા, પંચમહાલ અને દાહોદમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે એનડીઆરએફ, એસડીઆરએફ અને ભારતીય સેના, નૌસેના તથા વાયુસેનાને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. અમદાવાદમાં ૩૧ જુલાઈ ના રોજ ૮ ઈંચ અને નર્મદા જિલ્લામાં ૧૨ ઈંચ સુધીનો વરસાદ પડી શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બાંચાનિધિ પાનીના જણાવ્યા મુજબ શહેરના તમામ ઈમરજન્સી વિભાગોને એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સુરતના મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનના જણાવ્યા અનુસાર ૩૧ જુલાઈ માટે રેડ એલર્ટ હોય ૧૫૦ જેટલા હોર્ડિંગ્સ અને ૧૦૦ જોખમી વૃક્ષો હટાવાયા છે. અમદાવાદ, સુરત, ખેડા, વડોદરા અને જામનગર સહિતના અનેક જિલ્લાઓમાં શાળાઓ અને કોલેજો બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે તથા ખેડા જિલ્લા કલેક્ટર એન. વી. ઉપાધ્યાયે પણ તંત્ર સજ્જ હોવાનું જણાવ્યું છે.

મધ્ય પ્રદેશમાં મજબૂત માનસૂની સિસ્ટમ સક્રિય રહેતા રતલામમાં ૨ કલાકમાં ૨.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો જ્યારે ખરગોન અને બેતૂલમાં વરસાદી અકસ્માતોમાં મોતના બનાવો બન્યા છે. ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન અને સાગર સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ ચાલુ રહેશે. પશ્ચિમ મધ્ય પ્રદેશ અને દક્ષિણ-પૂર્વ મધ્ય પ્રદેશમાં ૩૧ જુલાઈ ના રોજ ૫૦ કિમી/કલાક થી લઈને ૬૫ કિમી/કલાક ની ઝડપે ભારે પવન ફૂંકાવાની અને ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. બંગાળની ખાડીમાં સર્જાયેલું ડિપ્રેશન હવે તેલંગાણાના ઉત્તર અને ઉત્તર-પૂર્વ જિલ્લાઓ નજીક પહોંચ્યું છે. હવામાન વિજ્ઞાની જી.એન.આર.એસ. શ્રીનિવાસ રાવના જણાવ્યા મુજબ આદિલાબાદ, કુમરામ ભીમ આસિફાબાદ, મંચરિયાલ, નિર્મલ અને જગતિયાલ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. ૩૧ જુલાઈ ની સવાર સુધી ભારે પવન સાથે અતિભારે વરસાદની આશંકાને પગલે સાયબરાબાદમાં આઈટી કંપનીઓને વર્ક ફ્રોમ હોમ આપવાની સલાહ આપવામાં આવી છે.

પૂર્વોત્તર ભારત દેશના અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૩૧ જુલાઈ ના રોજ ભારેથી અતિભારે વરસાદનું પૂર્વાનુમાન છે. અરુણાચલ પ્રદેશના ૯ જિલ્લાઓમાં અચાનક પૂર (ફ્લેશ ફ્લડ) અને ભૂસ્ખલનની ચેતવણી જારી કરાઈ છે, જ્યાં ૬ સેમી થી ૨૦ સેમી સુધીનો વરસાદ પડી શકે છે. રાજ્યના ૨૭ જિલ્લાના ૬૬૮ ગામો પૂરમાં પ્રભાવિત થયા છે અને અત્યાર સુધીમાં ૭ લોકોના મોત નીપજ્યા છે. દિલ્હી-એનસીઆર માં માનસૂન સક્રિય છે અને ૩૧ જુલાઈ ના રોજ દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે સવાર, બપોર અને રાત્રે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. આ દરમિયાન મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી અને ન્યૂનતમ તાપમાન ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. દિલ્હી માટે હાલ કોઈ વિશેષ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. ઉત્તર પ્રદેશના પૂર્વ ભાગોમાં ૩૧ જુલાઈ ના રોજ છૂટાછવાયા સ્થળો પર વરસાદ પડશે અને ૨ ઓગસ્ટ થી ત્યાં વરસાદી પ્રવૃત્તિઓ વધશે. પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૩૧ જુલાઈ ના રોજ હવામાન મુખ્યત્વે શુષ્ક રહેશે પરંતુ ૩ ઓગસ્ટ થી ૫ ઓગસ્ટ દરમિયાન સમગ્ર ઉત્તર પ્રદેશમાં અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે.રાજસ્થાનમાં ચોમાસુ પૂર્ણ જોશમાં છે અને જયપુર, ભરતપુર, અજમેર તથા ઉદયપુર સંભાગના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી માહોલ જળવાયેલો રહેશે. કોટા અને ઉદયપુર સંભાગ તથા તેની આસપાસના જિલ્લાઓમાં ૩૧ જુલાઈ ના રોજ ભારેથી અત્યંત ભારે વરસાદ થવાની પ્રબળ સંભાવના છે.

રાષ્ટ્રીય વળતર વનીકરણ ફંડ વ્યવસ્થાપન ઓથોરિટી હેઠળ

# ગુજરાતને ૫ વર્ષમાં ૧,૨૨૬ કરોડ મળ્યા

## ૧.૩૩ લાખ હેક્ટર વન જમીન ધમધમતી થઈ :રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પર્શનના ઉત્તરમાં સંસદમાં માહિતી જાહેર : કેન્દ્ર સરકારના વિવિધ મિશન હેઠળ ગુજરાતને મોટું ફંડ; કચ્છ માટે ૨૧.૩૬ કરોડનો વિશેષ ક્લાઈમેટ ચેન્જ પ્રોજેક્ટ મંજૂર

નવી દિલ્હી, તા.૩૦

રાજ્યસભાના વરિષ્ઠ સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા એક મહત્વપૂર્ણ પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહે જાહેરાત કરી છે કે છેલ્લા ૫ વર્ષમાં કેન્દ્ર સરકારે ગુજરાતમાં પર્યાવરણ સંવર્ધન, વનીકરણ અને આબોહવા પરિવર્તન સામે રક્ષણ મેળવવા માટે કરોડો રૂપિયાની નાણાકીય સહાય ફાળવી છે.



કેન્દ્રીય મંત્રી દ્વારા આપવામાં આવેલી લેખિત માહિતી મુજબ, ગુજરાત રાજ્યને પર્યાવરણ જતન માટે વિવિધ યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાની ગ્રાન્ટ પ્રાપ્ત થઈ છે. દરિયાકાંઠાની સુરક્ષાથી લઈને શહેરી વિસ્તારોમાં હરિયાળી વધારવા સુધીના અનેક પ્રોજેક્ટ્સ કાર્યરત છે. જેમાં નેશનલ કમ્પેન્સેટરી એફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી હેઠળ ગુજરાતને ૧,૨૨૬.૨૧ કરોડ ની વિશાળ રકમ પ્રાપ્ત થઈ છે. દરિયાકાંઠાના નિવસનતંત્ર અને મેન્ગ્રોવ વૃક્ષોના જતન માટે 'મેન્ગ્રોવ ઈનિશિયેટિવ ફોર શોરલાઈન હેબિટેટ્સ એન્ડ ટેન્જિબલ ઈન્કમ' હેઠળ રૂ. ૬૭.૩૦ કરોડ ફાળવાયા છે. શહેરી વિસ્તારોમાં ગ્રીન કવર વધારવા અને શહેરી વનો ઊભા કરવા માટે રૂ. ૭.૪૩ કરોડ મંજૂર કરાયા છે.

રાજ્યમાં ડિગ્રેડેડ (બગડેલી) વન જમીનને પુનઃ ધમધમતી કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે મોટું અભિયાન ચલાવ્યું છે. છેલ્લા ૫ વર્ષ દરમિયાન વન વિસ્તારની કુલ ૧,૩૩,૬૬૬ હેક્ટર ડિગ્રેડેડ જમીનનો સફળતાપૂર્વક જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ સઘન જીર્ણોદ્ધાર કામગીરી ગ્રીન ઈન્ડિયા મિશન અને નેશનલ CAMPA હેઠળ હાથ ધરવામાં આવી છે. આમાં વૈજ્ઞાનિક અને પર્યાવરણીય પગલાંઓનો સમાવેશ થાય છે. જેમાં સહાયિત કુદરતી પુનર્જીવન અને કૃત્રિમ પુનર્જીવન. વળતર આધારિત વનીકરણ અને સ્થાનિક / સ્વદેશી પ્રજાતિના છોડનું મોટા પાયે વાવેતર. તેમજ જમીન અને ભેજ સંવર્ધન માટે ખાસ વોટરશેડ પગલાંનો

આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરો સામે લડવા માટે કેન્દ્રના 'નેશનલ એડેપ્શન ફંડ ફોર ક્લાઈમેટ ચેન્જ' (NAFCC) હેઠળ કચ્છ માટે એક વિશિષ્ટ પ્રોજેક્ટ મંજૂર કરાયો છે. ''ગુજરાતના કચ્છમાં કુદરતી સંસાધન આધારિત સમુદાયો માટે જલવાયુ પરિવર્તન અનુકૂલનઃ પાણી અને આજીવિકા સુરક્ષા તથા ઈકોસિસ્ટમ પ્રસ્થાપન દ્વારા સ્થિતિસ્થાપકતાને સુદ્દઢ બનાવવી''. જેના માટે ૨૧.૩૬ કરોડના ખર્ચે આ કામગીરી મંજૂર કરાઈ છે.

### આબોહવા પરિવર્તન અભ્યાસઃ ગુજરાત 'સાધારણ સંવેદનશીલ' શ્રેણીમાં

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (DST) દ્વારા હાથ ધરવામાં આવેલા રાષ્ટ્રીય સ્તરના અભ્યાસ ''ક્લાઈમેટ વલ્નરેબિલિટી એસેસમેન્ટ ફોર એડેપ્શન પ્લાનિંગ ઈન ઈન્ડિયા યુઝિંગ એ કોમન ફ્રેમવર્ક'' અનુસાર, વર્તમાન ક્લાઈમેટ પરિસ્થિતિમાં ગુજરાતને 'સાધારણ સંવેદનશીલ' (Moderately Vulnerable) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે. રાજ્યની ક્ષમતા વધારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ ક્લાઈમેટ ચેન્જ સેલ (SCCC) ને ટેકનિકલ, તાલીમ, જનજાગૃતિ અને સંસ્થાકીય સહાયતા પૂરી પાડવામાં આવી રહી છે. ઉપરાંત, ક્લાઈમેટ ચેન્જ પરના સ્ટેટ એક્શન પ્લાનની સમીક્ષા માટે પણ નાણાકીય સહાયતા મંજૂર કરવામાં આવી છે.



# રાજકોટ બાર એસો.-ભાજપના રાજકોટને HCની બેઠક મળે તે માટે સરાહનીય પ્રયાસ

## રેવન્યુ બાર એસો.ની અગત્યની મળેલી બેઠકમાં તમામનો મંગાયો સહકાર

રાજકોટ, તા.૩૦

રાજકોટ રેવન્યુ બાર એસોસિએશનની એક મહત્વની મીટીંગ પ્રમુખ રમેશ કથીરિયા અને સેક્રેટરી વિજય તોગડિયા દ્વારા તત્કાલીન બોલાવવામાં આવી હતી. રાજકોટને હાઈકોર્ટ બેંચ મળવા માટે હાલ રાજકોટ બાર એસોસિએશન દ્વારા જે આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે, તેમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી રાજકોટ રેવન્યુ બાર એસોસિએશને આપી છે. રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે તે માટે સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ લડત ચલાવી રહ્યા છે. તમામ ધારાસભ્યો અને સંસદસભ્યો પણ રાજકોટને હાઈકોર્ટ બેંચ મળે તે માટે સરાહનીય પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે રાજકોટના લીગલ સેલ તરફથી જે નિવેદનો આવી રહ્યા છે, તેનાથી આંદોલન પર વિપરીત અસર થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

લીગલ સેલ અને રાજકોટ બાર એસોસિએશન ભારતીય જનતા પાર્ટી સમર્પિત છે અને રાજકોટને બેંચ મળે તે માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં પણ રાજકોટને હાઈકોર્ટ બેંચ આપવા અંગે જણાવવામાં આવ્યું છે અને સરકાર પણ આ બાબતે હકારાત્મક છે.

રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ પણ હકારાત્મક વલણ રાખીને આંદોલન આગળ ધપાવી રહ્યા છે, ત્યારે અમુક વ્યક્તિઓના નિવેદનોથી તમામ બાર એસોસિએશન પર અસર પડે તેમ છે. આ દ્રષ્ટિએ, જ્યારે ભાજપ સરકાર પાસેથી હાઈકોર્ટ બેંચ મેળવવાની લડત ચાલી રહી હોય, ત્યારે બાર એસોસિએશનની આ લડતમાં તમામે સંપૂર્ણ સહકાર આપવો જોઈએ તેવું રાજકોટ રેવન્યુ બાર એસોસિએશનનું માનવું છે.

ભક્તિનગર સર્કલ પાસે યોજાનારા કાર્યક્રમમાં 'એક વ્યક્તિ - એક વૃક્ષ'ના સંકલ્પ સાથે નાગરિકોને પર્યાવરણમિત્ર રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરાશે

# પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન દ્વારા રવિવારે નિઃશુલ્ક રોપા વિતરણ



રાજકોટ, તા.૩૦

પર્યાવરણ સંરક્ષણ, વૃક્ષારોપણ અને હરિયાળા ગુજરાતના નિર્માણના ઉદાત્ત ઉદ્દેશ્ય સાથે પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશન, રાજકોટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ નિઃશુલ્ક રોપા વિતરણ કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી રવિવાર, તા. ૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રાજકોટના ભક્તિનગર સર્કલ ખાતે આવેલ ઓમ રેસ્ટોરન્ટ પાસે યોજાશે, જેમાં શહેરના નાગરિકોને વિવિધ પ્રકારના ઉપયોગી અને પર્યાવરણમિત્ર રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવનાર છે.

ફાઉન્ડેશન દ્વારા શહેરના પર્યાવરણપ્રેમી નાગરિકો, યુવાનો, વિદ્યાર્થીઓ તથા સામાજિક સંસ્થાઓને વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી રોપાઓ મેળવી પોતાના ઘર, શાળા, ઓફિસ, ફાર્મહાઉસ તથા જાહેર સ્થળોએ વાવવાની અપીલ કરવામાં આવી છે. વૃક્ષો માત્ર પર્યાવરણનું જતન કરતા નથી, પરંતુ શુદ્ધ હવા, વરસાદનું સંતુલન, તાપમાનમાં ઘટાડો અને આવનારી પેઢીઓ માટે સ્વસ્થ જીવનનું નિર્માણ કરવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

આ સરાહનીય આયોજન પ્રાગટ્ય યુવા ફાઉન્ડેશનના પ્રમુખશ્રી જતીન તારપરાના માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે, જેને સફળ બનાવવા માટે કૌશિક કપુરિયા, યજ્ઞેશ ચોવટિયા, હસમીસવ ડોબરિયા, ધવલ મોલિયા, હર્ષિલ મોલિયા, ગૌરવ પાદરીયા, જયેશ વાસાણી, મહેન્દ્ર અકબરી, કલ્પેશ નસીત અને હાર્દિક બોઘરા સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે. ફાઉન્ડેશન દ્વારા વૃક્ષ વાવો - પ્રકૃતિ બચાવો, હરિયાળું રાજકોટ બનાવો ના સૂત્ર સાથે સૌને એક વ્યક્તિ - એક વૃક્ષ ના સંકલ્પને સાકાર કરવા અનુરોધ કરાયો છે.

અમૃતલાલ શેઠ પત્રકાર ભવન દ્વારા

# સ્વ. અમૃતલાલ શેઠને ભાવપૂર્વક શ્રદ્ધાસુમન

## નિર્ભીક પત્રકારત્વના ભીષ્મપિતામહ અને સ્વતંત્રતા સેનાની સ્વ. અમૃતલાલ શેઠના મૂલ્યનિષ્ઠ વિચારોને યાદ કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે પુષ્પાંજલિ અર્પણ

રાજકોટ, તા.૩૦

નિર્ભીક પત્રકારત્વના પ્રણેતા, સ્વતંત્રતા સેનાની અને ગુજરાતી મીડિયાના ભીષ્મપિતામહ સ્વ. અમૃતલાલ શેઠની પુણ્યતિથિ નિમિત્તે આજે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત 'અમૃતલાલ શેઠ પત્રકાર ભવન' ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો ગરિમાપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભવનના અધ્યક્ષ, પ્રોફેસરો, કર્મચારીગણ તથા પત્રકારત્વના વિદ્યાર્થીઓએ સ્વ. શેઠની તસ્વીરને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના પ્રેરણાદાયી જીવનને કૃતજ્ઞતાપૂર્વક યાદ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોએ અમૃતલાલ શેઠના નામ અને ભવન વચ્ચેના આત્મીય સંબંધ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. આ પ્રસંગે પત્રકાર ભવનના અધ્યક્ષ ડો. નીતા ઉદાણીએ જણાવ્યું હતું કે, આ ભવન માત્ર એક ઈમારત કે સરનામું નથી, પરંતુ અમૃતલાલ શેઠના નિષ્પક્ષ, નીડર અને સત્યનિષ્ઠ



પત્રકારત્વના વિચારોનું જીવંત પ્રતીક છે. આ ભવનનું નામ જ આપણને સતત કલમની પવિત્રતા અને જવાબદારીનું ભાન કરાવે છે.''

પત્રકારત્વના વિદ્યાર્થીઓએ પણ પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, જેમના નામે સ્થપાયેલા ભવનમાં તેઓ શિક્ષણ મેળવી રહ્યા છે, તે સ્વ. અમૃતલાલ શેઠના આદર્શો જ તેમના ભવિષ્ય માટે સૌથી મોટા માર્ગદર્શક છે. કાર્યક્રમના અંતે ભવનના અધ્યક્ષ, અધ્યાપકો અને તમામ વિદ્યાર્થીઓએ તેમના દર્શાવેલા આદર્શ માર્ગ પર ચાલવાની દ્રઢ કટિબદ્ધતા દર્શાવી હતી.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિત્તે

# બાલાજી હનુમાનજી મંદિરે ભવ્ય ૨૧ કુંડી મારૂતિ મહાયજ્ઞ-નિરાજન આરતી યોજાશે

## રવિવાર, તા. ૨ ઓગસ્ટના રોજ બાલાજી હનુમાનજી મંદિરે સાંજે ૫થી ૭ દરમિયાન '૨૧ કુંડી મારૂતિ મહાયજ્ઞ' માં વૈદિક મંત્રોચ્ચાર સાથે આહુતિ અપાશે, ત્યારબાદ દિવંગત પુણ્યાત્માની પવિત્ર સ્મૃતિમાં વિશેષ 'નિરાજન આરતી' ઉતારાશે



રાજકોટ, તા.૩૦

લાખો ભક્તોની શ્રદ્ધાના પ્રતીક અને રાજકોટવાસીઓના દુઃખહર્તા એવા મહાપ્રતાપી બાલાજી હનુમાનજી મહારાજના મંગલમય સાનિધ્યમાં (કરણસિંહજી હાઈસ્કૂલ સામે, ભૂપેન્દ્ર રોડ) આગામી તા. ૦૨ ઓગષ્ટ, ૨૦૨૬ ને રવિવારના રોજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ શહેરના વિકાસમાં જેમનો સિંહફાળો રહ્યો છે અને જેઓ રાજકોટવાસીઓના હૃદયમાં કાયમ બિરાજમાન છે, તેવા લોકલાડીલા નેતાની સ્મૃતિમાં દાદાના દરબારમાં આ ભક્તિસભર આયોજન થશે.

ધર્મીય્ક કાર્યક્રમોની મળતી વિગતો મુજબ ૨૧ કુંડી મારૂતિ મહાયજ્ઞઃ સ્વ. વિજયભાઈ રૂપાણીના જન્મદિવસના આ પાવન અવસરે, રવિવારે સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાક દરમિયાન મંદિરના પટાંગણમાં ભવ્ય '૨૧ કુંડી મારૂતિ મહાયજ્ઞ' યોજાશે. વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે યોજાનાર આ યજ્ઞમાં આહુતિ આપીને દિવંગત આત્માની શાંતિ અને રાજકોટ શહેરની સુખાકારી માટે દાદાના ચરણોમાં પ્રાર્થના કરવામાં આવશે.

નિરાજન આરતીઃ યજ્ઞની પૂર્ણાહુતિ બાદ, સંધ્યા સમયે વિશેષ 'નિરાજન આરતી' ઉતારવામાં આવશે. આ મંગલ આરતીમાં ઉપસ્થિત રહીને સૌ કોઈ દાદાની દિવ્ય ચેતનાનો અનુભવ કરશે.

આ સમગ્ર સ્મૃતિ મહોત્સવ અને યજ્ઞનું આયોજન બાલાજી હનુમાનજી મંદિરના આયોજક મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત શાસ્ત્રી રાધારમણદાસજી સ્વામી અને કોઠારી મુનિવત્સલદાસજી સ્વામીની પાવન નિશ્રા અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. બાલાજી હનુમાનજી મંદિર પ્રશાસન દ્વારા સમસ્ત રાજકોટની ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય ૨૧ કુંડી મારૂતિ મહાયજ્ઞ અને નિરાજન આરતીના દિવ્ય દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઈન્ટેક રાજકોટ દ્વારા નેશનલ હેરિટેજ ક્વિઝ

રાજકોટ, તા.૩૦

ઈન્ટેક રાજકોટ ચેપ્ટર દ્વારા આગામી તા. ૧૦ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટર ખાતે નેશનલ હેરિટેજ ક્વિઝ ૫.૦ નું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં રાજકોટ જિલ્લાની કોઈપણ શાળાના ધો. ૭ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી એક ટીમ (૨ બાળકો) ભાગ લઈ શકે છે. ક્વિઝમાં જોડાવા માટે તા. ૪ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં ઈન્ટેક રાજકોટ સંસ્થાના ૭૮૫૯૯૩૩૭૯૧ મોબાઈલ નંબર પર રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

આ ક્વિઝનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઈતિહાસ ભવનના સહયોગથી તેમજ હેરિટેજ એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન સર્વિસીઝના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ ક્વિઝમાં ભાગ લેનાર તમામ બાળકોને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે.

જિલ્લા કક્ષાએ આયોજિત સ્પર્ધામાં પસંદગી પામનાર વિદ્યાર્થીઓને રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં રાજકોટનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે તેમ, ઈન્ટેક રાજકોટ ચેપ્ટરના કન્વીનર રિદ્ધિ શાહે જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટેક રાજકોટ ચેપ્ટર સંસ્કૃતિ અને વારસાના જતન તેમજ જાળવણી અને જાગૃતિ અંગે કાર્યરત સંસ્થા છે. જેના દ્વારા છેલ્લા ૦૫ વર્ષથી વિદ્યાર્થીઓ માટે હેરિટેજ ક્વિઝનું આયોજન કરવામાં આવે છે.

આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકોમાં માત્ર અભ્યાસના ભાગરૂપે નહીં પરંતુ વ્યક્તિગત કક્ષાએ ભારતના પ્રાકૃતિક, જૈવિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક વારસા અંગે રુચિ કેળવવાનો છે.

**રાજકોટ જિલ્લાની શાળાના ધો. ૭ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે**

# યુદ્ધના ધોરણે પેચવર્કની કામગીરી શરૂ

## Jetpatcher મશીનથી કામગીરીમાં આવશે વધુ ઝડપ : ત્રણેય ઝોનમાં સ્થળની સ્થિતિ મુજબ પેચવર્ક

રાજકોટ, તા. ૩૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુ દરમિયાન માર્ગો પર પડેલા ખાડાઓને કારણે નાગરિકોને પડતી અગવડતા દૂર કરવા ત્રણેય ઝોનના વિવિધ સ્થળોએ યુદ્ધના ધોરણે પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં સ્થળની સ્થિતિ અને જરૂરિયાત મુજબ વિવિધ પ્રકારના પેચવર્કની કામગીરી સતત કરવામાં આવી રહી છે, જેથી નાગરિકોને સરળ અને સુરક્ષિત અવરજવર મળી રહે. સાથે જ આગામી દિવસોમાં વધુ ઝડપ અને કાર્યક્ષમતા સાથે માર્ગોની મરામત થઈ શકે તે માટે ઉંચાંફિભિંવયર્ મશીન દ્વારા પણ પેચવર્કની કામગીરી શરૂ કરવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સમગ્ર ઝોનમાં માર્ગોની સતત સમીક્ષા કરી જ્યાં જરૂર જણાશે ત્યાં તાત્કાલિક પેચવર્ક હાથ ધરવામાં આવશે. ચોમાસામાં વાહનોની અવરજવર અને અકસ્માતનો ભય ઘટાડવાના હેતુથી મહાનગરપાલિકાનું તંત્ર હરકતમાં આવ્યું છે. રાજકોટના મુખ્ય માર્ગોથી લઈને આંતરિક રસ્તાઓ સુધી, જ્યાં પણ ખાડા કે માર્ગોને નુકસાન થયું છે ત્યાં તાત્કાલિક રિપેરિંગ શરૂ કરવામાં આવ્યું છે. તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને કોઈપણ વિઘ્ન વગરની અને સુરક્ષિત અવરજવર પૂરી પાડવાનો છે.

રાજકોટ મહાનગરપાલિકાના ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ એમ ત્રણેય ઝોનના વિવિધ વિસ્તારોમાં અલગ-અલગ ટીમો દ્વારા કામગીરી ચલાવવામાં આવી રહી છે. જે તે વિસ્તારના રસ્તાની સ્થિતિ અને ટ્રાફિકની ગીચતાને ધ્યાનમાં રાખીને યોગ્ય પદ્ધતિ અને મટિરિયલથી ખાડા પૂરવામાં આવી રહ્યા છે.

વરસાદના વિરામ દરમિયાન કામગીરી અટકે નહીં તે રીતે તમામ વિસ્તારોને આવરી લેવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં માર્ગોની મરામત વધુ ઝડપી, ગુણવત્તાયુક્ત અને કાર્યક્ષમ બને તે માટે Jetpatcher મશીન દ્વારા પણ પેચવર્ક શરૂ કરવામાં આવશે. આ મશીનના ઉપયોગથી ઓછા સમયમાં વધુ કવરેજ મેળવી શકાશે. આધુનિક ટેકનોલોજીના કારણે પેચવર્ક વધુ



મજબૂત અને ટકાઉ બનશે, જેથી વરસાદી પાણી વચ્ચે પણ રસ્તાઓ જલ્દી ખરાબ ન થાય.

રાજકોટ મહાનગરપાલિકાના સિટી એન્જિનિયરિંગ વિભાગ અને ઝોનલ અધિકારીઓ દ્વારા સમગ્ર શહેરના માર્ગોની સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. અધિકારીઓ જાતે સ્થળ તપાસ કરીને ખાડાઓની નોંધ લઈ રહ્યા છે. નાગરિકોની ફરિયાદો અને સર્વેના આધારે જ્યાં પણ જરૂર જણાશે ત્યાં વિલંબ વગર તાત્કાલિક પેચવર્ક હાથ ધરવામાં આવશે.

### રક્ષાબંધન અને જન્માષ્ટમી નિમિત્તે રાજકોટ વિભાગ પણ દોડાવશે ૫૦થી વધુ બસ

# એસ.ટી. નિગમ યોજશે ૭,૦૦૦થી વધુ એક્સ્ટ્રા ટ્રીપ

રાજકોટ, તા. ૩૦

રક્ષાબંધન અને જન્માષ્ટમી નિમિત્તે સૌરાષ્ટ્ર-ગુજરાતના ધાર્મિક તથા પ્રવાસન સ્થળો માટે વિશેષ આયોજન; રાજકોટ વિભાગ પણ દોડાવશે ૫૦થી વધુ વધારાની બસો.દર વર્ષની પરંપરાને જાળવી રાખીને ચાલુ વર્ષે પણ ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC) દ્વારા આગામી રક્ષાબંધન અને જન્માષ્ટમીના લોકપ્રિય તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની સુવિધા અર્થે વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. તહેવારોના દિવસોમાં વતન તરફ જતાં તેમજ પ્રવાસે નીકળતા નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે રાજ્યભરના જુદા જુદા રૂટો પર વધારાની એક્સ્ટ્રા બસો અને ટ્રીપો દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

સૂત્રો પાસેથી મળતી બિનઅધિકૃત માહિતી મુજબ, ગત વર્ષની સરખામણીએ આ વર્ષે એસ.ટી. નિગમ દ્વારા એક્સ્ટ્રા બસો અને ટ્રીપોની સંખ્યામાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. ગયા વર્ષે રક્ષાબંધન અને જન્માષ્ટમીના તહેવારો દરમિયાન નિગમે અંદાજે ૬,૫૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપોનું સફળ સંચાલન કર્યું હતું. આ વર્ષે મુસાફરોનો ધસારો વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજ્યમાં ૭,૦૦૦થી પણ વધુ એક્સ્ટ્રા ટ્રીપો દોડાવવાનું ભવ્ય આયોજન કરાયું છે. સૌરાષ્ટ્રના મુખ્ય મથક એવા રાજકોટ વિભાગ દ્વારા પણ તહેવારોના દિવસોમાં મુસાફરોના ઘોડાપૂરને પહોંચી વળવા




માટે કમર કસવામાં આવી છે. રાજકોટ ડિવિઝન દ્વારા રક્ષાબંધન અને જન્માષ્ટમીના પર્વો દરમિયાન ૫૦થી વધુ એક્સ્ટ્રા બસો ખાસ રૂટો પર દોડાવવામાં આવશે, જેથી સ્થાનિક અને આંતરજીલ્લાના મુસાફરોને સરળતાથી પરિવહન સુવિધા મળી રહે. એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોની જરૂરિયાત મુજબ અલગ-અલગ વિસ્તારોમાં બસોનું આયોજન કરવામાં આવ્યું છે, ગ્રામ્ય કક્ષા, જિલ્લાથી જિલ્લા અને તાલુકા મથકો ઉપરાંત અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવાં મોટાં શહેરી વિસ્તારોને આવરી લેતી વિશેષ ટ્રીપો ગોઠવવામાં આવશે. જન્માષ્ટમીના પવિત્ર પર્વે કૃષ્ણભક્તો અને પ્રવાસીઓની સુવિધા માટે ખાસ કરીને દ્વારકા, ડાકોર, સોમનાથ અને શામળાજી જેવાં પ્રમુખ ધાર્મિક સ્થળો તેમજ મહત્વના પ્રવાસન સ્થળો માટે વધારાનું સંચાલન હાથ ધરાશે.

# લોકમેળા માટે ૨૦૦ નામાભિધાન શોર્ટલીસ્ટ

### જન્માષ્ટમી લોકમેળાની તડામાર તૈયારીઓ : આકર્ષક નામકરણ અને પ્લોટ-સ્ટોલ ફાળવણીની પ્રક્રિયા શરૂ



રાજકોટ, તા. ૩૦

રાજકોટ કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા શહેરના હૃદયસમા રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત થનારા વાર્ષિક જન્માષ્ટમીના લોકમેળા અંગેની તૈયારીઓ પૂરજોશમાં આગળ ધપાવવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રભરમાં પ્રખ્યાત એવા આ લોકમેળાને વધુ સુવ્યવસ્થિત અને આકર્ષક બનાવવા માટે વહીવટી તંત્ર દ્વારા વિવિધ તબક્કાવાર આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

જીલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે માહિતી આપતા જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ મેળાના આકર્ષક શીર્ષક (નામ) માટે નાગરિકો પાસેથી એન્ટ્રીઓ મંગાવવામાં આવી હતી. જેમાં તંત્રને ૪૩૦૦થી વધુ એન્ટ્રીઓ મળી હતી. આ તમામ એન્ટ્રીઓમાંથી શ્રેષ્ઠ ૨૦૦ નામાભિધાન શોર્ટલીસ્ટ કરવામાં આવ્યા છે. આગામી ટૂંક સમયમાં જ લોકમેળા સમિતિ દ્વારા આ ૨૦૦ શ્રેષ્ઠ નામોમાંથી સૌથી વધુ આકર્ષક અને યોગ્ય નામની આખરી પસંદગી કરી તેની જાહેરાત કરવામાં આવશે. આ વર્ષે જન્માષ્ટમીનો આ લોકમેળો તા. ૨ સપ્ટેમ્બરથી શરૂ થઈને સતત પાંચ દિવસ સુધી યોજાશે. મેળામાં વેપારીઓ અને સ્ટોલધારકો માટે વિવિધ કેટેગરીના કુલ ૨૨૮ સ્ટોલ અને પ્લોટ ફાળવવામાં આવનાર છે. આ ફાળવણી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રહે તે માટે ડ્રો અને હરાજી પદ્ધતિ અપનાવવામાં આવશે. આ માટેની પ્રક્રિયા તા. ૩ ઓગસ્ટથી ૮ ઓગસ્ટ દરમિયાન હાથ ધરવામાં આવશે. લોકમેળામાં સ્ટોલ અને રાઈડ્સ મેળવવા માટે વેપારીઓ તરફથી ખૂબ જ ઉત્સાહજનક પ્રતિસાદ સાંપડ્યો છે. રમકડાં, ખાણીપીણી તેમજ નાની-મોટી ચકરડીઓ અને યાંત્રિક રાઈડ્સ માટે મોટી સંખ્યામાં ફોર્મ ભરાઈને સબમિટ થઈ ચૂક્યા છે. રાજકોટ કલેક્ટર તંત્ર દ્વારા મેળામાં આવતા લાખો દર્શનાર્થીઓની સુરક્ષા, સુવિધા અને મનોરંજનને ધ્યાનમાં રાખીને તમામ આયોજનોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

### વિવિધ કેટેગરી મુજબ સબમિટ થયેલા ફોર્મની વિગતઃ

**– રમકડાં અને ખાણીપીણીઃ**
'બી' કેટેગરી (રમકડાંના સ્ટોલ): ૩૧ ફોર્મ
'બી-૧' કેટેગરી (કોર્નર પ્લોટ): ૩૮ ફોર્મ
'સી' કેટેગરી (ખાણીપીણીના સ્ટોલ): ૧૬ ફોર્મ
'એક્સ' કેટેગરી (આઈસ્ક્રીમના પ્લોટ): ૧૭ ફોર્મ

**– ચકરડીઓ અને ચકડોળઃ**
નાની ચકરડીના પ્લોટઃ ૧૮૪ ફોર્મ
'જે' કેટેગરી (મધ્યમ ચકરડીના પ્લોટ): ૬૯ ફોર્મ

**– યાંત્રિક રાઈડ્સ (કેટેગરી મુજબ):**
'ઈ' કેટેગરી યાંત્રિકઃ ૧૨ ફોર્મ
'એ' કેટેગરી યાંત્રિકઃ ૫ ફોર્મ
'જી' કેટેગરી યાંત્રિકઃ ૩૯ ફોર્મ
'એચ' કેટેગરી (યાંત્રિક રાઈડ્સ): ૬ ફોર્મ

### શિપમેન્ટ મૂલ્ય ઘટીને ૧૫ અબજ ડોલર થયું : મુખ્ય ક્ષેત્રો પર ટેરિફની થાપ : રાજકોટ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો પડી અસર

# ગુજરાતથી અમેરિકા થતી નિકાસમાં ૧૭.૪%નું ગાબડું

રાજકોટ, તા. ૩૦

વૈશ્વિક વેપાર સમીકરણોમાં આવી રહેલા બદલાવ અને ટેરિફ નીતિઓની સીધી અસર હવે ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્ર પર દેખાવા લાગી છે. ગત નાણાકીય વર્ષ દરમિયાન ગુજરાતમાંથી યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા) ખાતે થતી કુલ નિકાસમાં ૧૭.૪ ટકાનો નોંધપાત્ર ઘટાડો દર્જ થયો છે, જેના કારણે નિકાસનું કુલ શિપમેન્ટ મૂલ્ય ઘટીને ૧૫ અબજ ડોલર પર આવી ગયું છે. અમેરિકી બજારમાં ટેરિફ દરોમાં ફેરફાર, મોંઘવારી અને માંગમાં મંદીના કારણે ગુજરાતના ટેક્સટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ અને સિરામિક જેવા મુખ્ય નિકાસલક્ષી ઉદ્યોગોને ભારે ફટકો પડ્યો છે.

ગુજરાતનું અર્થતંત્ર નિકાસ આધારિત ઉત્પાદન પર મોટો આધાર રાખે છે. અમેરિકી બજારમાં આયાત શુલ્ક અને કડક નિયમોના કારણે રાજ્યના મુખ્ય ઉત્પાદક ક્લસ્ટરોને મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. સુરતનું હીરા ઉદ્યોગ અને સોનાના દાગીના ક્ષેત્ર અમેરિકી માંગ પર ખૂબ નિર્ભર છે. ટેરિફમાં વધારો થતાં યુ.એસ.ના ખરીદદારો ઓર્ડર ઘટાડી રહ્યા છે અથવા કિંમતોમાં ભારે છૂટછાટ માંગી રહ્યા છે. મોરબીનો વિશ્વવિખ્યાત સિરામિક ઉદ્યોગ કે જે યુ.એસ.માં ટાઇલ્સ અને સેનિટરીવેરની મોટી નિકાસ કરે છે, તેને એન્ટી-ડમ્પિંગ ડ્યુટી અને વધારાના ટેરિફને કારણે વૈશ્વિક હરીફો સામે ટકી રહેવું મુશ્કેલ બની રહ્યું છે. અમદાવાદ-વડોદરા ફાર્મા બેલ્ટમાંથી અમેરિકા જતા ડ્રગ ફોર્મ્યુલેશન્સ અને જેનેરિક દવાઓ પર વધતા જતા રેગ્યુલેટરી અને વેપારી અવરોધોના કારણે માર્જિનમાં મોટો ઘટાડો થયો છે. ટેરિફ દરો વધવાથી અને પુરવઠા શૃંખલાના ખર્ચમાં વધારો થવાથી કેમિકલ સેક્ટરના નિકાસ ઓર્ડરમાં પણ મોટો ઘટાડો નોંધાયો છે. સરકાર દ્વારા સ્થાનિક ઉદ્યોગોને સંરક્ષણ આપવા માટે આયાતી માલ પર લાદવામાં આવેલા વધારાના દરો અને કડક નીતિઓ. અમેરિકી બજારમાં વ્યાજદરો અને મોંઘવારી ઊંચા સ્તરે રહેતા ગ્રાહકોની ખરીદશક્તિ ઘટી છે, જેથી બિન-જરૂરી ચીજવસ્તુઓ (જેમ કે ઘરેણાં અને ડેકોરેટિવ સિરામિક્સ) ની માંગ ઘટી છે. વિયેતનામ, મેક્સિકો અને બાંગ્લાદેશ જેવા દેશોને મળતા વેપારી લાભો



સામે ભારતીય માલસામાન મોંઘો સાબિત થઈ રહ્યો છે. ગુજરાતમાંથી અમેરિકા થતી નિકાસમાં ૧૭.૪% નો આ ઘટાડો માત્ર આંકડા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેની સીધી અસર રાજ્યના MSME (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ) સાહસો પર પડી રહી છે. ઓર્ડરમાં ઘટાડો થવાના કારણે સુરત અને મોરબી જેવા ઔદ્યોગિક ધામોમાં ઉત્પાદન ક્ષમતા ઘટાડવાની નોબત આવી છે. જો નિકાસમાં ટૂંક સમયમાં સુધારો નહીં થાય, તો રોજગારીની તકો પર પણ તેની નકારાત્મક અસર પડી શકે છે. માત્ર અમેરિકા પર નિર્ભર રહેવાને બદલે લેટિન અમેરિકા, આફ્રિકા, મધ્ય પૂર્વ અને યુરોપના દેશો સાથે મુક્ત વેપાર કરારોનો મહત્તમ લાભ ઉઠાવવો.

રો-મટીરિયલ કે સામાન્ય માલ મોકલવાને બદલે ઉચ્ચ ગુણવત્તાવાળા અને વેલ્યુ-એડેડ પ્રોડક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવું, જેથી ટેરિફની અસર ઓછી કરી શકાય. અમેરિકી બજારમાં ૧૭.૪% નો આ ઘટાડો ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્ર માટે એક ચેતવણી સમાન છે. ટેરિફ વોરના યુગમાં ટકી રહેવા માટે સ્થાનિક ઉદ્યોગોએ નવી ટેકનોલોજી અને નવા ગ્લોબલ માર્કેટ્સ તરફ ઝડપથી વળવું પડશે.

# કાલે રાજકોટમાં રેડ એલર્ટ, ભારે વરસાદની આગાહી

## ચાર સિસ્ટમ સક્રિય થતા હવામાન વિભાગનો વર્તારોઃ સૌરાષ્ટ્ર કચ્છમાં પણ ભારે વરસાદની શક્યતા

રાજકોટ, તા. ૩૦

રાજ્યમાં આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સમગ્ર વહીવટી તંત્રને એલર્ટ મોડ પર મૂકી દીધું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે તમામ જિલ્લાઓને આગોતરા તૈયારીઓ પૂર્ણ કરવા અને જાનહાનિ અટકાવવા માટે જરૂરી પગલાં લેવા સૂચના આપી છે. રાજ્યમાં ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર સંપૂર્ણપણે સતર્ક બની છે. સંભવિત ભારે વરસાદ અને તેના કારણે સર્જાઈ શકે તેવી પરિસ્થિતિને પહોંચી વળવા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરે રાજ્યના તમામ જિલ્લા વહીવટી તંત્રને તાત્કાલિક અસરથી જરૂરી પગલાં લેવા આદેશ આપ્યા છે. કોઈપણ પ્રકારની જાનહાનિ કે મિલકતના નુકસાનને અટકાવવા માટે આગોતરા આયોજન પર ભાર મૂકવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્ર સહિત સમગ્ર રાજ્યમાં ચોમાસાની સક્રિય વરસાદી સિસ્ટમોને કારણે મેઘરાજા મુશળધાર વરસવાની શક્યતા છે. હવામાન વિભાગ (IMD) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની આગાહી મુજબ, આવનારા દિવસોમાં રાજ્યના અનેક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને રાજકોટ અને તેની આસપાસના વિસ્તારોમાં શનિવાર માટે અતિભારે વરસાદનું



'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટ ઉપરાંત જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, અને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં પણ ઓરેન્જ અને રેડ એલર્ટ હેઠળ અતિભારે વરસાદ પડી શકે છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા તમામ જિલ્લાના કલેક્ટર તેમજ સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી છે કે સ્થાનિક સ્તરે સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવે. સાથે જ તમામ મામલતદારોને પત્ર લખીને પોતાના વિસ્તારમાં આવેલા જોખમી બાંધકામોની ઓળખ કરી તેને દૂર કરવાની કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવા આદેશ આપવામાં આવ્યા છે. વરસાદી માહોલમાં અકસ્માતની શક્યતા ઘટાડવા માટે આ કામગીરીને પ્રાથમિકતા આપવા જણાવાયું છે. સરકારે ખાસ કરીને જોખમી હોર્ડિંગ્સ, વીજ થાંભલા અને જર્જરીત મકાનોને લઈને સાવચેતી રાખવા સૂચના આપી છે. વરસાદ અને તેજ પવન દરમિયાન આવી રચનાઓ ધરાશાયી થવાની શક્યતા રહેતી હોવાથી સમયસર તેને દૂર કરવા અથવા સુરક્ષિત બનાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. સ્થાનિક તંત્રને પોતાના વિસ્તારમાં આવી તમામ જગ્યાઓનું નિરીક્ષણ કરીને તાત્કાલિક કાર્યવાહી કરવા કહેવામાં આવ્યું છે. લોકોની સુરક્ષા માટે આવા વિસ્તારોમાં સતત દેખરેખ રાખવા પણ સૂચના આપવામાં આવી છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને ખાસ સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે. રાજ્ય સરકારે જિલ્લા તંત્રને સૂચના આપી છે કે જ્યાં પાણી ભરાવાની શક્યતા વધુ હોય તેવા વિસ્તારોમાંથી લોકોને અગાઉથી જ સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરાવી લેવામાં આવે. જેથી ભારે વરસાદ દરમિયાન કોઈ જાનહાનિ ન થાય અને બચાવ કામગીરી સરળતાથી હાથ ધરી શકાય.

રાજ્ય સરકાર દ્વારા વહીવટી તંત્ર ઉપરાંત NDRF અને SDRFની ટીમોને પણ સંપૂર્ણ સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. બચાવ અને રાહત કામગીરી માટે તમામ જરૂરી સાધનો અને માનવબળ તૈયાર રાખવા તેમજ કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિમાં તાત્કાલિક કામગીરી શરૂ કરી શકાય તે માટે પૂર્વ તૈયારી પૂર્ણ કરવા જણાવાયું છે. ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજ્યનું વહીવટી તંત્ર એલર્ટ મોડમાં છે અને તમામ જિલ્લાઓને આગોતરા આયોજન સાથે સતત પરિસ્થિતિ પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે.

### જન્માષ્ટમી સુધીમાં પ્રક્રિયા પૂર્ણ કરવા તંત્ર સજ્જ

# રા.લો.સંઘની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ

રાજકોટ, તા. ૩૦

રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘ (રા.લો. સંઘ)ની પાંચ વર્ષની મુદત પૂર્ણ થતાં જ નવી ચૂંટણી યોજવા માટે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા વહીવટી કામગીરી ઝડપી બનાવી દેવામાં આવી છે. સંઘની ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણ રીતે નિષ્પક્ષ અને પારદર્શી રહે તે માટે ઈન્ચાર્જ પ્રાંત-૨ અધિકારી આચાર્યને ચૂંટણી અધિકારી (ઈલેક્શન ઓફિસર) તરીકે નિયુક્ત કરીને જવાબદારી સોંપાઈ છે. ચૂંટણી પ્રક્રિયાના ભાગરૂપે કલેક્ટર તંત્ર દ્વારા આગામી બેથી ત્રણ દિવસમાં જ કામચલાઉ મતદાર યાદી પ્રસિદ્ધ કરી દેવામાં આવશે. ત્યાર બાદ નિયમ મુજબ વાંધા-સૂચનો મેળવીને આવનારા ૧૫ દિવસની અંદર આખરી (ફાઈનલ) મતદાર યાદી જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે.

જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે વિગતો આપતાં જણાવ્યું હતું કે, રા.લો. સંઘની પાંચ વર્ષની નિયમિત મુદત ૨૪




ઓગસ્ટ ૨૦૨૫ના રોજ પૂર્ણ થઈ હતી. તે સમયે રાજ્ય સરકારના ૨૮ જાન્યુઆરી ૨૦૨૬ના જાહેરનામા અનુસાર સંઘને ૬ માસ માટે ચૂંટણીમાંથી મુક્તિ આપવામાં આવી હતી. હવે આ વધારાની મુદત પણ પૂર્ણ થઈ રહી હોવાથી, તંત્ર દ્વારા આગામી જન્માષ્ટમીના તહેવારો પહેલા જ ચૂંટણી પ્રક્રિયા પૂરી કરી દેવા માટે પૂરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે.

રાજકોટ લોધીકા સંઘની આ પ્રતિષ્ઠાભરી ચૂંટણીનું સત્તાવાર જાહેરનામું ટૂંક સમયમાં જ બહાર પાડવામાં આવશે. જાહેરનામું પ્રસિદ્ધ થતાંની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની અને ચકાસણીની કામગીરી વિધિવત રીતે શરૂ થઈ જશે. ચૂંટણી અધિકારી તરીકે પ્રાંત-૨ અધિકારી આચાર્યની નિમણૂક થતાં જ ચૂંટણી પ્રક્રિયાએ વેગ પકડ્યો છે. રા.લો. સંઘની ચૂંટણીની તારીખો નજીક આવતાં જ સ્થાનિક સહકારી ક્ષેત્રના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ચૂંટણી લડવા ઉત્સુક અનેક દાવેદારો અને સહકારી આગેવાનોએ અત્યારથી જ પોતપોતાની બેઠકો મજબૂત કરવા માટે સોગઠા ગોઠવવાનું અને રાજકીય ગણતરીઓ માંડવાનું શરૂ કરી દીધું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# બેશરમ

## હેલ્થ સેન્ટરના નામે ભદ્ર મહિલા સંચાલિત કુટણખાનું



રાજકોટ શહેરમાં સામાજિક બેશરમીની તમામ હદો વટાવી ગઈ છે. રાજકોટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ભદ્ર સમાજની ગણાતી મહિલા દ્વારા આરોગ્ય સેન્ટરના નામે ધમધમતું કુટણખાનુ ઝડપાયું છે. હેલ્થ સેન્ટરનું બોર્ડ લગાવીને અંદર અનૈતિક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવતી હતી. પોલીસે અચાનક દરોડા પાડ્યા, ત્યારે આયોજક અને સંચાલિકા પોતાની આબરુ બચાવવા માટે ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. જે પ્રકારે આવા ગંદા ધંધા આદર્યા છે, તેમાં આવી મહિલાઓની આબરુ બચે જ કેવી રીતે? સમાજમાં આવી પ્રવૃત્તિઓથી ભારે અરેરાટી વ્યાપી ગઈ છે.

આધુનિક યુગમાં મહિલાઓને પુરુષ સમોવડી ગણવાની ઉજ્જવળ પરંપરા શરુ થઈ છે. મહિલાઓ દરેક ક્ષેત્રમાં આગળ વધી રહી છે. પરંતુ બીજી તરફ આ બદીઓનો કાળો પડછાયો પણ દેખાઈ રહ્યો છે. નશા માર્કેટથી માંડીને કુટણખાના સુધીના ગેરકાનૂની ધંધામાં મહિલાઓની સક્રિયતા વધી રહી છે. આવી ઘટનાઓ જોતા લાગે છે કે, ઘણી મહિલાઓ તો પુરુષ સમોવડી નથી બની, પરંતુ ગુનાખોરી ક્ષેત્રે પુરુષ કરતા પણ ઘણી આગળ નીકળી ગઈ છે. આ બાબત અત્યંત ચિંતાજનક છે.

આવા કિસ્સાઓ સમાજ સામે એક લાલબતી જેવા છે. આવી શરમજનક ઘટનાઓ આજે રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રમાં આકાર લઈ રહી છે. આરોગ્ય અને સેવાના નામે ચાલતા આ ન કરવાના ધંધા પાછળ મોટું નેટવર્ક કામ કરી રહ્યું છે. પવિત્ર ગણાતા ક્ષેત્રોનો દુરુપયોગ કરીને પૈસા કમાવાની આંધળી દોડ શરૂ થઈ છે.

સૌથી દુઃખદ બાબત એ છે કે, સમાજ હજુ ઘેનમાં હોય તેમ લાગે છે. લોકો પોતાની આસપાસ બનતી આવી અસામાજિક પ્રવૃત્તિઓ પ્રત્યે અજાણ અથવા ઉદાસીન રહે છે. જો સમાજ સમયસર નહીં જાગે, તો આવનારી પેઢી પર આની ગંભીર અસર પડશે.

પોલીસે આવા અનૈતિક અડ્ડાઓ પર કડક કાર્યવાહી કરવાની જરૂર છે. સાથે સાથે નાગરિકોએ પણ જાગૃત બનીને આવી બદીઓને નાથવા માટે આગળ આવવું પડશે. કાનૂની અને સામાજિક સ્તરે સખત પગલાં લેવાય તો જ સંસ્કારી નગરીનું ગૌરવ જળવાઈ રહેશે.

# મેટા એક્શનમાં! પીએમ મોદીના વીડિયો હટાવવા પર સરકારની પ્રતિક્રિયા

## નવા પ્રોટોકોલનું પાલન કરવા તૈયારી : મેટાના વૈશ્વિક અધિકારીઓ આગામી થોડા દિવસોમાં ભારતમાં હશે

નવીદિલ્હી, તા. ૩૦

ફેસબુક પરથી વડાપ્રધાન મોદીના વીડિયો દૂર કરવા અંગે મેટાએ સરકારને પોતાનો જવાબ સુપરત કર્યો છે. કંપનીના જણાવ્યા અનુસાર, મેટા હવે અગ્રણી વ્યક્તિઓના એકાઉન્ટ્સ માટે નવા પ્રોટોકોલનું પાલન કરશે. મેટાના વૈશ્વિક અધિકારીઓ આગામી થોડા દિવસોમાં ભારતમાં હશે, જ્યાં સરકાર તેમની સાથે ટેકનિકલ મુદ્દાઓ પર ચર્ચા કરશે. મેટાએ જણાવ્યું છે કે વરિષ્ઠ અધિકારીઓ હવે અગ્રણી વ્યક્તિઓના એકાઉન્ટ્સનું નિરીક્ષણ કરશે. સરકાર નીતિ અને ટેકનિકલ બંને મુદ્દાઓ પર મેટા પાસેથી જવાબો માંગે છે. મેટાએ માફી પણ માંગી છે અને ભવિષ્યમાં આવી ભૂલો અટકાવવાનું વચન પણ આપ્યું છે. મેટાએ સરકારને જાણ કરી છે કે વડા પ્રધાન અને અન્ય અગ્રણી વ્યક્તિઓ દ્વારા પોસ્ટ કરાયેલ સામગ્રીનું દેખરેખ અને સમીક્ષા વરિષ્ઠ કંપની અધિકારીઓ દ્વારા અનેક સ્તરે કરવામાં આવશે. સરકારે વડા પ્રધાન મોદી દ્વારા ફેસબુક પોસ્ટને કામચલાઉ રીતે દૂર કરવા અંગે મંગળવારે મેટા અધિકારીને સમન્સ પાઠવ્યા હતા.

૨૩ જુલાઈના રોજની આ પોસ્ટમાં, વડા પ્રધાને યુવાનોને સંબોધિત કર્યા હતા અને પેપર લીક સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. યુએસ સ્થિત સોશિયલ મીડિયા કંપનીએ માફી માંગી હતી, તેને ટેકનિકલ ભૂલ ગણાવી હતી. જોકે, આઇટી મંત્રાલયે આ સમજૂતીને અપૂરતી ગણાવી હતી.






વડા પ્રધાન મોદીનો આ વીડિયો સંદેશ સૌપ્રથમ ૨૩ જુલાઈના રોજ ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવ્યો હતો અને બાદમાં ફેસબુક પર અપલોડ કરવામાં આવ્યો હતો. જોકે, મેટાએ તેને અસ્થાયી રૂપે બ્લોક કરી દીધું. મેટાએ આ પરિસ્થિતિ માટે તેના ઓટોમેટેડ અઈ કન્ટેન્ટ ફિલ્ટરમાં ટેકનિકલ ખામીને જવાબદાર ગણાવી. કંપનીએ જણાવ્યું હતું કે ભૂલથી દૂર કરવામાં આવેલી કન્ટેન્ટ પાછળથી પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક અઠવાડિયામાં અનેક નિયમનકારી મુદ્દાઓને કારણે મેટા સરકારના રડાર હેઠળ છે. અગાઉ, સરકારે વોટ્સએપના પ્રસ્તાવિત યુઝરનેમ ફીચર સામે વાંધો ઉઠાવ્યો હતો, જેમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે તે ઓનલાઈન છેતરપિંડી અને ઓળખ ચોરીનું જોખમ વધારી શકે છે. વધુમાં, ઈન્સ્ટાગ્રામ પર વાંધાજનક સામગ્રી અંગે કંપનીને નોટિસ જારી કરવામાં આવી હતી. કંપનીના જણાવ્યા અનુસાર, મેટા હવે અગ્રણી વ્યક્તિઓના એકાઉન્ટ્સ માટે નવા પ્રોટોકોલનું પાલન કરશે, અને મેટાના વૈશ્વિક અધિકારીઓ આગામી થોડા દિવસોમાં ભારતની મુલાકાત લેશે, જ્યાં સરકાર તેમની સાથે ટેકનિકલ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

# શિમલા 'નો કન્સ્ટ્રક્શન ઝોન' જાહેર

## હિમાચલ પ્રદેશ સરકારે રાજધાની શિમલામાં બેફામ બાંધકામ કાર્યને રોકવા માટે મોટું ઐતિહાસિક પગલું ભર્યું



નવીદિલ્હી, તા. ૩૦

હિમાચલ પ્રદેશ સરકારે રાજધાની શિમલામાં બેફામ અને બેફામ બાંધકામ પ્રવૃત્તિને રોકવા માટે એક મોટું, ઐતિહાસિક પગલું ભર્યું છે. સુખુ કેબિનેટે શિમલાના સૌથી ગીચ કોર એરિયા ના મોટા ભાગને 'નો-કન્સ્ટ્રક્શન ઝોનન' તરીકે જાહેર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. એકવાર અમલમાં આવ્યા પછી, આ નિર્ણય રાજધાનીના સૌથી મહત્વપૂર્ણ અને સંવેદનશીલ વિસ્તારોમાં નવી ખાનગી અથવા વાણિજ્યિક ઈમારતોના બાંધકામ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકશે. જાહેર સુવિધા માટે બાંધવામાં આવેલી સરકારી ઈમારતો અને જૂની ઈમારતોને તેમના મૂળ સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરવા પર આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ (TCP) વિભાગ જાહેર વાંધા અને સૂચનો માંગતી ડ્રાફ્ટ સૂચના જારી કરશે. હિમાચલ પ્રદેશ સરકારના પ્રસ્તાવ મુજબ, સંજૌલી રોડ ઉપરનો સમગ્ર વિસ્તાર, જેમાં કોલેજ ઓફ એક્સેલન્સ, ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ (IGMC), લક્કર બજાર, રિજ મેદાન, રાણી ઝાંસી પાર્ક, મોલ રોડ, ઈન્દિરા ગાંધી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, કલાકર્સ હોટેલ, ઓક ઓવર, છોટા શિમલા અને સંજૌલી તરફનો વ્યાપક વિસ્તાર શામેલ છે, તે નવા બાંધકામ પ્રતિબંધને આધીન રહેશે. આ વિસ્તારોમાં હવે નવી ઈમારતોના ખાનગી બાંધકામની મંજૂરી રહેશે નહીં. કેબિનેટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનિંગ (TCP) મંત્રી રાજેશ ધર્માણીએ જણાવ્યું હતું કે આ પ્રતિબંધનો હેતુ શિમલાની હરિયાળી જાળવવાનો છે. લોકો શહેરમાં તેના જંગલો અને કુદરતી સૌંદર્યનો આનંદ માણવા આવે છે, કોંક્રિટ જંગલ જોવા માટે નહીં. શિમલાના મોટાભાગના વિસ્તારો જ્યાં બાંધકામ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે વાસ્તવમાં ૧૭ નો-કન્સ્ટ્રક્શન ગ્રીન બેલ્ટ નો ભાગ હતા જે શિમલા ડેવલપમેન્ટ પ્લાન-૨૦૪૧ હેઠળ જરૂરિયાત આધારિત બાંધકામ માટે ખોલવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૧૧ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ આ યોજનાને મંજૂરી આપી હતી.

બીજી તરફ, હિમાચલ સરકારે બુધવારે શિમલાના સીલબંધ અને પ્રતિબંધિત રસ્તાઓ પર ખાનગી વાહનો માટે પરમિટ ફી ઘટાડી અને પ્રથમ વખત છ મહિનાની પરમિટ ઓફર કરી. રાજ્ય સરકારે શિમલામાં ખાનગી વાહન માલિકોને સુવિધા આપવા માટે નસ્રશિમલા રોડ યુઝર્સ અને રાહદારીઓ (જાહેર સલામતી અને સુવિધા) સુધારો વટહુકમ, ૨૦૨૬લાગુ કર્યો. પરમિટ વિના સીલબંધ અને પ્રતિબંધિત રસ્તાઓ પર વાહનો ચલાવવા પર પ્રતિબંધ છે. આમાંના મોટાભાગના રસ્તાઓ શિમલાના વિવિધ ભાગોમાંથી શહેરના મુખ્ય વિસ્તાર, મોલ રોડ સુધી પહોંચ પૂરી પાડે છે. કેટલાક મુખ્ય સીલબંધ અને પ્રતિબંધિત રસ્તાઓમાં નવબહારથી રિજ, છોટા શિમલાથી મોલ અને રિજ, IGMCથી રિજ, AG ઓફિસથી CTO અને બોઇલૌગંજથી એસેમ્બલી સુધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ સ્ટડી (IIAS) દ્વારા સમાવેશ થાય છે.

નવા વટહુકમ હેઠળ, સીલબંધ રસ્તાઓ પર ખાનગી વાહનો માટે વાર્ષિક પરમિટ ફી ₹૧૫,૦૦૦ થી ઘટાડીને ₹૮,૦૦૦ કરવામાં આવી છે, જ્યારે પ્રતિબંધિત રસ્તાઓ માટે વાર્ષિક ફી ₹૫,૦૦૦ થી ઘટાડીને ₹૩,૦૦૦ કરવામાં આવી છે. ઉપરાંત, પહેલી વાર, વાહન માલિકો છ મહિનાની પરમિટનો વિકલ્પ પસંદ કરી શકે છે. સીલબંધ રસ્તા માટે ફી ₹૪,૫૦૦ અને પ્રતિબંધિત રસ્તા માટે ₹૨,૦૦૦ નક્કી કરવામાં આવી છે.

# ભારતમાં સરકારી શાળાઓની સ્થિતિ ભયાનક

## ૧૦ વર્ષમાં ૯૪,૦૦૦ શાળાઓ બંધ થઈ ગઈ , જેમાં ૧૦૦,૦૦૦ લોકોએ ફક્ત એક શિક્ષક છે




નવીદિલ્હી, તા. ૩૦

નવી શિક્ષણ નીતિ (NEP) અને શિક્ષણ અધિકાર (RTE) કાયદાનો ઉદ્દેશ દેશના દરેક બાળકને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનો છે. જોકે, ૨૯ જુલાઈના રોજ રાજ્યસભામાં સાંસદ રણદીપ સુરજેવાલાના પ્રશ્નના શિક્ષણ મંત્રાલયના જવાબમાં કંઈક અલગ જ વાર્તા કહેવામાં આવી છે. શિક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨૦૨૫-૨૬ સુધીમાં, દેશમાં ૧૦૦,૮૪૩ શાળાઓ હશે જેમાં આખી શાળાનું સંચાલન ફક્ત એક જ શિક્ષક દ્વારા કરવામાં આવશે. આનો સ્પષ્ટ અર્થ એ છે કે લાખો બાળકોને એક જ શિક્ષક દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. દરમિયાન, નીતિ આયોગના અહેવાલ મુજબ, છેલ્લા દાયકામાં ભારતમાં ૯૪,૦૦૦ સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે, જેના કારણે નોંધણીમાં ૨૨.૬ મિલિયનનો ઘટાડો થયો છે. સરકારી શાળાઓની સંખ્યા ૧૧.૦૭ લાખથી ઘટીને ૧૦.૧૩ લાખ થઈ ગઈ છે, જ્યારે ખાનગી શાળાઓની સંખ્યામાં વધારો થયો છે.

એકલ-શિક્ષક શાળાઓ એવી શાળાઓ છે જ્યાં ફક્ત એક જ શિક્ષક આખી શાળાનું સંચાલન કરે છે. એક જ શિક્ષક બધા કામ સંભાળે છે, જેમાં બધા વર્ગોમાં શિક્ષણ આપવું, હાજરી નોંધવી, મધ્યાહન ભોજનનું નિરીક્ષણ કરવું, વહીવટી કાર્ય કરવું અને સરકારી યોજનાઓનો અમલ કરવો શામેલ છે. જો તે શિક્ષક રજા પર જાય, તાલીમ અથવા અન્ય સરકાર દ્વારા ફરજિયાત ફરજોમાં રોકાયેલ હોય, તો શાળા શિક્ષણને ગંભીર અસર થાય છે. UDISE+ ૨૦૨૫-૨૬ ના ડેટાના આધારે, શિક્ષણ મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે દેશભરમાં ૧૦૦,૮૪૩ એકલ-શિક્ષક શાળાઓ છે. સૌથી વધુ એકલ-શિક્ષક શાળાઓ ધરાવતા રાજ્યોમાં આંધ્ર પ્રદેશ પ્રથમ ક્રમે છે, ત્યારબાદ ઝારખંડ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર પ્રદેશનો ક્રમ આવે છે. એકલ-શિક્ષક શાળાઓની સૌથી ઓછી સંખ્યા આંદામાન અને નિકોબાર ટાપુઓ, દિલ્હી (૭), લદ્દાખ (૨૮), સિક્કિમ (૩૧), નાગાલેન્ડ (૩૫) અને કેરળ (૬૭) માં છે.

શિક્ષણ મંત્રાલય જણાવે છે કે આ ઘણા કારણોને કારણે છેઃ શિક્ષક નિવૃત્તિ અને રાજીનામું, સમયસર નવી જગ્યાઓનું નિર્માણ ન થવું, ભરતી પ્રક્રિયામાં વિલંબ અને વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર શિક્ષકોની ફરીથી નિમણૂક કરવામાં અસમર્થતા. દૂરસ્થ, આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં ભરતી પડકારો. શિક્ષણ મંત્રાલય એમ પણ જણાવે છે કે સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતી, નિમણૂક અને સેવા મુખ્યત્વે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો પર નિર્ભર છે, ભારત સરકાર પર નહીં. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ માં સ્પષ્ટપણે જણાવાયું છે કે દરેક શાળામાં પૂરતા શિક્ષકો હોવા જોઈએ. તેનો ઉદ્દેશ્ય સામાન્ય વિસ્તારોમાં ૩૦:૧ નો વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (PTR) જાળવવાનો છે, જ્યારે સામાજિક અને આર્થિક રીતે વંચિત વિસ્તારોમાં, આ ગુણોત્તર ૨૫:૧ હોવો જોઈએ. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે UDISE+ ૨૦૨૫-૨૬ અનુસાર, રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર નિર્ધારિત ધોરણોની અંદર છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### એકમાત્ર સદગુરુ જ અભય પદનું દાન કરનારા છે! સ્વયં ઈશ્વર પણ નિયતિને આગળ ધરે છે!



હિંદુ સંસ્કૃતિ ઋષિ મુનિઓ અને સાધુ સંતોની ભૂમિ છે, એટલે કે સંન્યાસ, વૈરાગ્ય, એવાં શબ્દો આવે એટલે, સહજ આંખ આગળ ભગવો ભેખ ધારણ કરેલો હોય, એવો સન્યાસી દેખાય અને જેના વૈરાગ્યને કારણે તેનું ભાલ તેજથી ઝગારા મારતું હોય, અને તેના જ્ઞાનની કોઈ સીમા હોય નહીં, તથા કોઈપણ વિષયો પ્રત્યે તેની આસક્તિ ન હોય, એવા સંન્યાસીનું એક કલ્પનાચિત્ર દરેકના મનમાં આવી જાય છે, પરંતુ કબીર સાહેબ સંસારી હતાં અને તેનો વ્યવસાય તથા દેખાવ એકદમ સામાન્ય હતો,છતાં એ પરમ જ્ઞાનને પામી ગયા, અને એટલે કબીર સાહેબ એવાં સદગુરુને ચીંધે છે, જે આપણાં જેવાં સંસારી સાધકને વૈરાગી બનાવે છે, જેમાં વેશ મહતવનો હોતો નથી, વૃત્તિમાં વૈવિધ્યનો વૈરાગ્ય જ અધ્યાત્મ તરફ દોરી જાય છે, એ નિતાંત સત્યથી ભરેલ જ્ઞાન અનુભવે સિદ્ધ કરે છે. ગઈકાલે આપણે એમનાં પાંચ દોહા વિશે ચિંતન કર્યું આજે બીજા પાંચ દોહાનું ચિંતન કરીશું.

ગુરુ કીજૈ જાણિ કે, પાણી પીજૈ છાણિ;
બિના વિચારે ગુરુ કરે, પડે ચોરાસી ખાણિ.(૬)

જેમ પાણી પીતા પહેલાં તેને ગાળી લેવું જોઈએ, તેમ સામાન્ય ગુરુ (શિક્ષક) બનાવતા પહેલાં પણ તેના જ્ઞાન, ચારિત્ર્ય અને જીવનને સારી રીતે પરખવું જોઈએ. ઉતાવળમાં ગુરુ બનાવવાથી નુકસાન થઈ શકે. ખોટા ગુરુ જીવને સાચા માર્ગે લઈ જઈ શકતા નથી. જે ગુરુ પોતે જ અજ્ઞાનમાં હોય, તે શિષ્યને પણ ભટકાવે છે. પરિણામે જન્મ-મરણના ચક્રમાંથી મુક્તિ મળતી નથી, માટે વિશ્વાસ કરતાં પહેલાં વિવેક રાખવો.

ગુરુ સમાન દાતા નથી, યાચક શિષ્ય સમાન;
ત્રણ લોકની સંપદા, સો ગુરુ દીન્હી દાન.(૭)

ગુરુ જેવું દાન આપનાર બીજું કોઈ નથી, કારણ કે તે જ્ઞાન આપે છે. અને શિષ્ય જેવો સાચો માંગનાર પણ કોઈ નથી. ગુરુ શિષ્યને આત્મજ્ઞાન આપે છે, જે ત્રણેય લોકની સંપત્તિ કરતાં પણ શ્રેષ્ઠ છે. ભૌતિક સંપત્તિ નાશવંત છે, પરંતુ જ્ઞાન શાશ્વત છે.

ગુરુ પારસ કો અંતરો, જાણત છે સબ સંત;
વહ લોહા કંચન કરે, યહ કરે આપ સમાન.(૮)

પારસ પથ્થર લોખંડને સોનું બનાવી શકે છે, પરંતુ ગુરુ શિષ્યને પોતાના જેવો જ જ્ઞાની બનાવી શકે છે. સાચો ગુરુ માત્ર જીવનમાં સુધારો નથી લાવતો, પરંતુ શિષ્યમાં ચેતનાનું રૂપાંતર કરે છે. તે શિષ્યને આત્મસ્વરૂપનો અનુભવ કરાવે છે. ગુરુનું કાર્ય બહારનો બદલાવ નહીં, અંદરનું રૂપાંતર છે.

સતગુરુ મળ્યા તો જાણીએ, મિટે મોહ તન તાપ;
હરખ શોક વ્યાપે નહીં, ગુરુ રાખે આપ.(૯)

સાચા ગુરુ મળ્યાનું લક્ષણ એ છે કે મનની ચિંતા, મોહ અને દુઃખ ઓછાં થવા લાગે છે. જ્યારે સદગુરુનો ઉપદેશ હૃદયમાં ઉતરે છે, ત્યારે સુખ દુઃખ બંનેમાં સમતા આવે છે, મન સ્થિર બને છે, અને આત્મશાંતિ પ્રાપ્ત થાય છે.સદગુરુના આવવાથી જીવનમાં શાંતિ આવે છે.

પૂરા ગુરુની કરણીથી, પૂરું થાય સબ કામ;
કબીરા પૂરા ગુરુ મળ્યા, જપું નિરંતર નામ.(૧૦)

પૂર્ણ જ્ઞાની ગુરુનાં માર્ગદર્શનથી જીવનનાં મહત્વના કાર્યો સફળ થાય છે. સદગુરુ જીવને નામસ્મરણ, ભક્તિ અને આત્મજ્ઞાનનો માર્ગ બતાવે છે. તેથી જીવનનું પરમ લક્ષ્ય મોક્ષ પ્રાપ્ત થાય છે. ગુરુના માર્ગે ચાલવાથી જીવન સફળ બને છે.

નરસિંહ મહેતા મીરાં કબીર તુલસી જેવાં તત્વ ચિંતકોનાં જીવન વિશે આપણે જાણીએ જ છીએ! કે એમની જીવન યાત્રા કેટલી કઠિન રહી! આજે આપણે એમને આટલું માન આપીએ છીએ, પણ ત્યારે તો એમની પરીક્ષા જ થતી હતી! અને છતાં એમણે એમનું લક્ષ્ય સિદ્ધ કર્યું, અને એટલે જ કહેવાયું છે કે, સત્ય નો માર્ગ શૂરાનો! શૂરવીર હોય એ જ અધ્યાત્મમાં છેક સુધી હિમ્મત હારતાં નથી! અને આપણાં જેવાં માટે માર્ગ તરાશી જાય છે. એક સદગુરુ જ એવું તત્વ છે, જે શિષ્યને પોતાની તમામ વિદ્યા એવમ જ્ઞાન અને શક્તિ પ્રદાન કરી પોતાનાં જેવા જ બનાવે છે. સદગુરૂ જીવનને આધ્યાત્મિક યાત્રા તરફ દોરનાર, એટલે કે સત ચિત આનંદ સ્વરૂપ તરફ લઈ જનાર તત્વ છે. સંતોષ, શાંતિ, અને આનંદ માટે કોઈપણ શારીરિક અવસ્થામાં લક્ષ્ય સુધી લઈ જનાર માત્ર સદગુરુ છે. શરણાગતનું અસ્તિત્વ જ સદગુરુ હોય છે, તેને તેના ચરણો સિવાય ક્યાંય રહેવું હોતું નથી. દેહમાં દેહી તરીકે જે આત્મા પડ્યો છે, તે તત્વને ઉજાગર કરી આત્મદીપ પ્રગટાવીને ખુદનું અજવાળું એટલું વધારવાનું છે, કે તે જ્યોતિથી આકર્ષાઈને પરમાત્મા ત્યાં આવશે, એ સત્ય સમજાવે છે. સાકાર બ્રહ્મ તરીકે સ્વીકાર્યું હતું તે રુપ કે સ્વરૂપની પણ ત્યાં તમા રહેતી નથી, એટલે કે આગ્રહ રહેતો નથી કે આ જ સ્વરૂપે ઈશ્વર મળે. હૃદયમાં સત્ય પ્રેમ અને કરુણાનાં ભાવની પરાકાષ્ઠાએ જગતનાં કણકણમાં તેના દર્શન કરી, દિવ્ય અનુભૂતિ કરે છે. મૃત્યુનો સીધો સાદો અર્થ કરીએ તો મોહ, માયા, મમતા માંથી મુક્તિ, એટલે કે દેહ પ્રત્યેની મમતા, પરિવાર તરફની મમતા, રૂપિયા-પૈસાની માયા, અને રૂપ સ્વરૂપનો મોહ, આ બધું જ દેહ સાથે સમાપ્ત થાય છે. પરંતુ સદગુરૂ આપણાં જીવતાં જ આ બધામાંથી મુક્ત કરી જીવન મોક્ષ તરફ દોરી જનાર છે. સમાધિ એટલે શું? માત્ર ઇન્દ્રિયોની સુષુપ્ત અવસ્થા? કે ફક્ત બેઠા રહેવું એ? એક જગ્યાએ બેઠા રહેવું એમ નહીં, પણ ઈન્દ્રિયો અસ્તિત્વ સંચાલિત બને, તેને પણ સમાધિ કહેવામાં આવે છે. શિષ્ય જયારે ત્રણે ગુણ અને ત્રણે કાળને સદગુરુ ચરણે મૂકીને નિર્ભાર થાય છે, ત્યારે અસ્તિત્વ તેને નિમિત્ત બનાવીને કાર્ય કરે, એને પણ સમાધિ કહે છે. ટૂંકમાં સદગુરુની કોઈ પણ વ્યાખ્યા આપણે કરી શકીએ નહીં, આ તત્વને સમજવા મથીએ, એમ એનું રહસ્ય ગુઢ થતું જાય, અને એટલે જ નરહરિ રૂપ તારીકે તેને લોકમાનસે સ્વીકાર્યા છે. સદગુરૂ એ કોઈ વ્યક્તિ નથી, સકળ અસ્તિત્વ છે, જે અસ્તિત્વના બધાં રહસ્ય જાણતાં હોવા છતાં, પોતાની એક પણ સિદ્ધિનો ઉપયોગ કરતાં નથી. સદગુરૂ વિરલ વ્યક્તિત્વની ખાણ છે. તેના મસ્તકથી શરૂ કરી અને ચરણનાં નખ સુધી બધાં જ અંગ શુભ તરફ ગતિ કરનાર, અને તેની સાથે જોડાયેલા તમામને શુભ મંગલ તરફ દોરનાર છે. જ્યાં આગળ ભલભલાનાં શબ્દ નિધિ ખૂટી જાય, એટલી કૃપાથી ભરેલ કૃપા સિંધુ છે. શિષ્યનો પડછાયો બની સતત તેની સાથે ચાલે છે, પણ શરુંમાં સદગુરુ શિષ્યને એટલા બધા પરાજય અપાવે છે, કે પછી તેને પાસે હારવા માટે કંઇ રહેતું જ નથી, અને ત્યાંથી જ સાચી જીતની શરૂઆત થાય છે. ત્રણ ગુણ અને ત્રણ કાળ તો, પહેલેથી જ તેણે સદગુરુ ચરણે મૂકી દીધા છે. હવે તેની પાસે રમવા, જમવા, કે સુવા માટે કોઈ જ ગુણ બાકી રહેતો નથી, એટલે કે ભોગ કે વિષયનો એક પણ ગુણ ના રહેતા તે, ત્રિગુણાતીત તરફ ગતિ કરે છે. સદગુરૂ અસ્તિત્વની એકમાત્ર એવી વ્યવસ્થા છે, જે શિષ્યને અભય પદ દાન કરે છે! સ્વયં ઈશ્વર પણ આ દાન આપી શકતાં નથી. અભય પદ એટલે એવું પદ કે જે શિષ્યને પાપ પુણ્ય માંથી મુક્તિ આપે, અને આ અભયપદ જન્મો જન્મ તેની સાથે આવે છે. શિષ્યના વાણી વિચાર અને વ્યવહાર પર સંયમનું આચરણ કરાવીને એની બુદ્ધિને સ્થિતપ્રજ્ઞ કરાવનાર સદગુરુની વાણી જ અગમવાણી છે. સદગુરુ વિશે તો લખવામાં શબ્દો પણ ખૂટી જાય, છતાં જીવ તેનો મહિમા ગાન કરી શકે નહીં, એટલી ઉપલબ્ધિ પામેલાં મારા સમર્થ સદગુરુનાં ચરણોમાં ફરીથી કોટી કોટી વંદન. જય સીયારામ.


**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### છરીઓ, તણી, ગ્રીલ શટર કાપવાનું કટર, પાઇપ, કોશ, સત્યાવીસ પાના પક્કડ લઇને આવ્યા હતાં

# ધાડ પાડે એ પહેલા વાંકાનેરની ગેંગ ઝડપાઈ ગઈ

## થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ. શક્તિસિંહ સોઢા અને ટીમે વાંકાનેરના શખ્સોને રિક્ષા-હથીયારો સાથે દબોચ્યોઃ બુધવારની રજામાં આજી જીઆઇડીસીમાં ફેક્ટરીઓ બંધ હોઇ ત્રાટકવાનો ફુલપ્રુફ પ્લાન હતોઃ પણ નીષ્ફળ નીવડ્યો





રાજકોટ,તા.૩૦

શહેર પોલીસની સર્તકતાને કારણે આજી જીઆઇડીસીમાં ધાડ પાડવામાં આવે એ પહેલા ધાડપાડુ ગેંગના છ શખ્સોને હથીયારો સાથે ઝડપી લેવામાં થોરાળા પોલીસ સફળ થઇ હતી. વાંકાનેરથી આ શખ્સો પુરતી તૈયારી સાથે રિક્ષા લઇને આવ્યા હતાં. આ લોકોનો પ્લાન શહેરના આજી જીઆઇડીસી વિસ્તારમાં કારખાનામાં મોટી ધાડ પાડવાનો હતો. પરંતુ થોરાળા પોલીસે તેના કાવત્રાને નાકામ બનાવી દીધુ હતું. ટોળકી પાસેથી છરીઓ, દિવાલ તોડવા માટેની કોશ, પાના પક્કડ સહિતના સાધનો કબ્જે કરાયા હતાં.


વિગતો પર નજર કરીએ તો થોરાળા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે આજી જીઆઇડીસ૮૦ ફૂટ રોડ ટર્બો ગેટ નજીક રોડ પર એક શંકાસ્પદ ઓટો રિક્ષા જીજે૩૬ડબલ્યુ-૪૮૭૬ શંકારસ્પદ રીતે ઉભેલી જણાઈ હતી. આ રિક્ષામાં છ શખ્સો બેઠા હોઇ તે પણ શંકાસ્પદ હોઇ તમામને સકંજામાં લઇ તપાસ કરવામાં આવતાં રિક્ષામાંથી ચોરી-ધાડ માટે ઉપયોગમાં આવે તેવા હથીયારો મળી આવ્યા હતાં. પોલીસે છ શખ્સોની પુછતાછ કરતાં પોતાના નામ જાવીદ ઉર્ફે જાવલો સલીમભાઈ બુખારી (ઉ.વ. ૨૨, રહે. વાંકાનેર, દાતારપીરની દરગાહ પાછળ આરોગ્ય નગર મફતીયાપરા), સાહિલ ઉર્ફે કુકો દિનેશભાઈ ચારોલીયા (ઉ.વ. ૧૯, રહે. વાંકાનેર, આરોગ્ય નગર હકાનીયા જનરલ સ્ટોર પાસે ગોકુલનગર રોડ) જણાવ્યા હતાં. તેમજ આ ત્રણેયની સાથેના અન્ય ત્રણ શખ્સોએ પોતાના નામો અખતર ઉર્ફે ભુરો આમદભાઈ મકરાણી (ઉ.વ. ૨૫, રહે. રાજકોટ-વાંકાનેર હાઈવે, કુંભારપરા કબ્રબસ્તાન પાસે ટેકરી વિસ્તાર), સાહિલ મુસાભાઈ માજોઠી (ઉ.વ. ૨૩, રહે. વાંકાનેર, સીટી સ્ટેશન પાસે મફતીયા પરા જલારામ સ્ટીલ નજીક), સુનીલ ઉર્ફે કક્ટી ઉર્ફે કટીયો કાળુભાઈ બાબરિયા (ઉ.વ. ૩૧, રહે. વાંકાનેર, મહિકા મોબાઇલ ટાવર પાસે આલ્ફકા કારખાના નજીક) અને સાહિલ ઉર્ફે ટકો શબ્બીરહુસેન રફાઈ (ઉ.વ. ૧૯, રહે. વાંકાનેર, સીટી સ્ટેશન પાસે મફતીયાપરા) જણાવ્યા હતાં.

આ શખ્સોની તલાશી દરમિયાન પોલીસને તેની પાસેથી ૧૨ ઇંચ લંબાઈની ૨ નંગ તીક્ષ્ણ છરીઓ, ઘરફોડ ચોરી માટે શટર/ગ્રીલ કાપવાનું મોટું લોખંડનું કટર, દિવાલમાં બોકારા પાડી શકાય તેવી ૨ નંગ લોખંડની કોશ, પ્લાસ્ટિકના પાઈપ, નાના-મોટા પકડ અને પાના ૨૭ નંગ, ડીસમીસ અને દોરી સહિતનો મુદ્દામાલ મળી આવ્યોહ તો. આ ઉપરાંત મોબાઇલ ફોન, રિક્ષા પણ કબ્જે લેવામાં આવ્યા હતાં. છએય શખ્સો વાંકાનેરના વતની હોઇ અહિ કોઇ ગુનાને અંજામ આપવા આવ્યાની માહિતી હોઇ છએય શખ્સોની પોલીસની કડક પૂછપરછ શરૂ થઇહતી. આ પુછતાછ વખતે કબુલાત આપી હતી કે તેઓ વાંકાનેરથી ઓટોરિક્ષા લઈને રાજકોટ આવ્યા હતા. બુધવારે કારખાનાઓ બંધ હોવાથી આજી જીઆઇડીસી વિસ્તારના કોઈ મોટા કારખાનામાં ઘાતક હથિયારો સાથે ઘુસી ધાડ પાડવાનો પ્લાન હતો. જો કે ધાડ પાડે તે પહેલાં જ પોલીસે તેઓને ઝડપી પાડ્યા હતા. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, એસીપીની સુચના અંતર્ગત થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ. પી. સોઢા, પીએસઆઇ ટી. ડી. જાડેજા, ડી. સ્ટાફના જયેશભાઇ નિમાવત, નિલેષભાઇ જાગાણી, જયદિપસિંહજાડેજા, હિતેષભાઇ પરમાર, મુકેશભાઇ પાલ, કોન્સ. જયેશભાઇ રાઠોડ, નિલેષભાઇ જમોડ સહિતની ટીમે આ કામગીરી કરી હતી. ઝડપાયેલા છએય શખ્સોએ અગાઉ કયા કયા ગુના આચર્યા હતાં? હજુ કોઇ તેની સાથે સામેલ છે કે કેમ? સ્થાનીક માણસની સંડોવણી તો નથી ને? તે તપાસ યથાવત રખાઇ હતી.

### તપાસ બાદ સિત્તેર હજાર ફી નક્કી કરાઇ, પરિવારે સ્વજનને ઓપરેશન માટે દાખલ કર્યા, પણ મૃતદેહ સ્વરૂપે પાછા મળ્યા

# રેલનગરના મહિલાનું ઓપરેશન બાદ મૃત્યુઃ બેદરકારીનો આક્ષેપ

**લોહાણા પરિવારના મહિલાને ગર્ભાશયની કોથળીના ઓપરેશન માટે બસ સ્ટેશન પાછળની હોસ્પિટલમાં દાખલ કરાયા હતાંઃ ત્યાં ઓપરેશન બાદ તબીયત બગડતાં બીજી હોસ્પિટલમાં ખસેડાયા, ત્યાં મૃત્યુ થયુંઃ મહિલા તબિબની બેદરકારીનો આક્ષેપઃ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ**



રાજકોટ,તા.૩૦

ખાનગી હોસ્પિટલમાં ઓપરેશનમાં બેદરકારીને કારણે એક પરિવારે સદસ્ય ગુમાવી દેતાં અરેરાટી સાથે રોષ વ્યાપી ગયો છે. શહેરના રેલનગરમાં રહેતાં લોહાણા પરિવારના સુડતાલીસ વર્ષના મહિલાને કરણપરામાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ગર્ભાશયની કોથળીના ઓપરેશન માટે દાખલ કરાયા બાદ ઓપરેશન થયા પછી તેમની તબિયત બગડતાં ત્યાંથી વિદ્યાનગર રોડની હોસ્પિટલમાં રીફર કરી દેવામાં આવતાં અહિ તેમનું મોત થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. મૃતકના પુત્ર સહિતના સ્વજનોએ કરણપરામાં આવેલી બાલાજી હોસ્પિટલના ગાયનેકોલોજી મહિલા ડોક્ટરની ભયંકર બેદરકારીને કારણે મૃત્યુ થયાનો આક્ષેપ કરતાં પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

આ કરૂણ ઘટનાની માહિતી જોઇએ તો રેલનગરમાં આવેલા પેસિફિક સ્ટાર એપાર્ટમેન્ટમાં ૧૦મા માળે ફ્લેટ નં. ૧૦૦૧ ખાતે રહેતાં સુડતાલીસ વર્ષના ડીમ્પલબેન ધર્મેન્દ્રભાઇ પોબારૂનું ગર્ભાશયનું ઓપરેશન તા. ૨૮/૭ના રોજ એસટી બસ સ્ટેશન પાછળની બાલાજી હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યા બાદ તબિયત બગડતા ૨૯/૭ના રોજ વિદ્યાનગર મેઇન રોડ પરની ઓલમ્પસ હોસ્પિટલ ખાતે રીફર કરાયા બાદ અહિ રાત્રીના ૧૧:૨૦ વાગ્યે તેમનું મૃત્યુ થતાં આ અંગેની જાણ હોસ્પિટલ મારફત એ-ડિવીઝન પોલીસને કરવામાં આવતાં એએસઆઇ રાણાભાઇ કુગશીયાએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

પરંતુ પરિવારજનોએ બાલાજી હોસ્પિટલમાં ઓપરેશન કરનાર મહિલા તબિબની બેદરકારીનો આક્ષેપ કરતાં પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ કરી હતી. મૃત્યુ પામનાર ડીમ્પલબેનને સંતાનમાં ૨૫ વર્ષનો પુત્ર યશેષ છે. જે બેંકમાં ફરજ બજાવે છે. જ્યારે તેમના પતિ ધર્મેન્દ્રભાઇ હસમુખભાઇ પોબારૂ વિડીયોગ્રાફીનું કામ કરે છે. દિકરા યશેષ અને ભત્રીજા શીવાંગ પોબારૂ સહિતે વિગતો આપતાં જણાવ્યું હતું કે અમારા સ્વજન ડીમ્પલબેનને ગર્ભાશયની કોથળીનું ઓપરેશન કરાવવાનું હોઇ બસ સ્ટેશન પાછળ આવેલી ડો. કવિતાબેન લાડાણીની હોસ્પિટલમાં તા. ૨૫-૨૬ના રોજ બતાવવા લઇ જવાતાં ત્યાં તપાસ કરાયા બાદ ઓપરેશનની ફી રૂા. ૭૦ હજાર નક્કી કરાઇ હતી. ઓપરેશનની તારીખ ૨૮મી નક્કી થઇ હતી. આ પછી અમે ૨૮મીએ અમારા સ્વજન ડીમ્પલબેનને સવારે બાલાજી હોસ્પિટલ ખાતે લઇ ગયા હતાં. જ્યાં તેમને ટોપી સુંઘાણી ઓપરેશન હાથ ધરાયું હતું. ઓપરેશન થઇ ગયાના લગભગ બાવીસ કલાક સુધી તેઓ ભાનમાં આવ્યા નહોતાં. આ પછી અમને કહેવાયું હતું કે દર્દી ડીમ્પલબેનની હાલત બગડી છે અને તેમને ઓલમ્પસ હોસ્પિટલમાં લઇ જવા પડશે. એમને લોહીનું ગંઠાણ થવા માંડ્યું છે તેમ અમને કહેવાયું હતું. આથી અમે ૨૯મીએ સવારે ઓલમ્પસ હોસ્પિટલમાં અમારા સ્વજનને દાખલ કર્યા હતાં. અહિ નિદાન થયું હતું કે ફેફસાની નળીમાં લોહીનું ગંઠણ થઇ ગયું છે. અહિ સારવાર દરમિયાન રાતે સવા અગીયાર આસપાસ અમારા સ્વજનનું મૃત્યુ થયું હતું. ભત્રીજા શીવાંગભાઇએ જણાવ્યું હતું કે બાલાજી હોસ્પિટલના ડોક્ટરની બેદરકારીને કારણે મારા કાકી ડીમ્પલબેનનું મૃત્યુ થયું છે.

મહિલા તબિબને ઓપરેશન વખતે સર્જનની હાજરી રાખવાની હોય છે. પણ તેમણે સર્જનને રૂબરૂ બોલાવાવને બદલે મોબાઇલમાં વિડીયો કોલથી વાત કરી ઓપરેશન કર્યુ હતું અને આ કારણે ભુલ રહી ગઇ હતી. આંતરડુ છુટુ પડી ગર્ભાશયની કોથળીમાં ચોંટી જતાં લોહીની ગાંઠો થવા માંડી હતી અને તેના કારણે મારા કાકીની તબિયત બગડતાં અમને ઓલમ્પસમાં તેમને લઇ જવા કહેવાયું હતું. જ્યાં રાત્રીના તેમનું મૃત્યુ થયા બાદ બાલાજી હોસ્પિટલના તબિબે પોતાની ભુલ હોઇ અમને આ હોસ્પિટલની ફી પણ પોતે ચુકવશે તેમ કહી અમને ફી ચુકવવા દીધી નહોતી. ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ અમે કાયદેસરની કાર્યવાહી કરાવશું. તેમ વધુમાં જણાવાયું હતું. આ બનાવથી પોબારૂ પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ બનાવને પગલે પરિવારજનોમાં શોકની સાથે રોષ પણ વ્યાપી ગયો હતો. તબિબની બેદરકારીને કારણે પોબારૂ પરિવારે પોતાના સ્વજન ગુમાવી દીધા હોઇ તેઓ આ મામલે પોલીસ કાર્યવાહી કરશે તેવુ જણાવાયું હતું.

## દવા લઈને સરધાર જતી વખતે વેપારીનું બેભાન થઇ જતાં મૃત્યુ

### બીજા બનાવમાં આફ્રિકા કોલોની પાસે વૃધ્ધનું મૃત્યુ

રાજકોટ,તા.૩૦

બેભાન હાલતમાં બે પરિવારના મોભીના મૃત્યુ થયા હતાં. વિગતો જોઇએ તો સરધારમાં હરિદ્વાર સોસાયટી બ્લોક નં. ૧૦માં રહેતાં સતાવન વર્ષના પ્રફુલચંદ્ર છોટાલાલ વાળા નામના પ્રૌઢને પેટમાં દુઃખાવો થતાં દિકરા હાર્દિકભાઇ સાથે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં બતાવવા આવ્યા બાદ બંને કારમાં પરત જતાં હતાં ત્યારે રસ્તામાં તબિયત બગડતા બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ આજીડેમ પોલીસને કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર પ્રફુલચંદ્ર ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે સરધારમાં શ્રીજી ફૂટવેર નામે દુકાન ચલાવતાં હતાં. આ ઉપરાંત બીજા બનાવમાં ઈન્દિરા સર્કલ નજીક શીવસંગમ એપાર્ટમેન્ટ-૩માં અશ્વમેઘ એપાર્ટમેન્ટ ખાતે રહેતાં વિજયસિંહ અરૂણસિંહ જાડેજા નામના સાંઇઠ વર્ષિય સીનીયર સિટીઝન આફ્રિકા કોલોની નજીક જલારામ પ્લોટ-૨માં મહાદેવના મંદિર નજીક બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હૃદય રોગનો હુમલો આવી ગયાનું ખુલ્યું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં ગાંધીગ્રામ પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

## લવમેરેજ કરનાર હડમતીયાની યુવતિએ મંદિરે આવવાની ના પાડી મારામારી

રાજકોટ,તા.૩૦

લવમેરેજ કરનાર યુવતિને તેના સગા ફુવા, ફઇ અને આ બંનની પુત્રવધૂએ તેણી સાસુ સાથે ગામના મંદિરે દર્શન કરવા ગઇ ત્યારે તારે આ મંદિરે આવવું નહિ તેમ કહી ગાળો દઇ માથાકુટ કરી આ યુવતિ અને તેના પતિને મારી નાખવાની ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

રાજકોટ નજીક આવેલા હડમતીયા (ગોલીડા) ગામે પ્રેમ લગ્ન કરનાર નવવધુ અને તેના પતિ પર લવ મેરેજનો ખાર રાખી હુમલો કરાયો હતો .આ બનાવમાં આજીડેમ પોલીસે હડમતીયા રહેતી ઓગણીસ વર્ષીય લીપ્સાબેન હિતેષભાઇ હુંબલની ફરિયાદ પરથી હડમતીયામાં જ રહેતાં તેણીના ફુવા વિનુગીરી ગોસ્વામી, ફઇ દક્ષાબેન વિનુગીરી અને કશીશ ગોસ્વામી સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદની વિગત મુજબ લીપ્સાબેને ગત નવમી તારીખના રોજ હિતેશ આહિર સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. તેઓના જ ગામમાં રહેતા સગા ફુવા-ફઇ રહે છે તે લવ મેરેજ બાબતે મનમાં ખાર રાખતા હતા.

એ દિવસે અષાઢી બીજ હોઇ લીપ્સાબેન પોતાના સાસુ ભાવનાબેન તથા ગામના અન્ય મહિલાઓ સાથે ગામમાં આવેલા શંકર મંદિરે પ્રસાદ ધરાવવા ગયા હતા. તે સમયે મંદિરે હાજર ફુવા વિનુગીરી અને ફઇ દક્ષાબેન ગોસ્વામીએ તમે અહીં મંદિરે કેમ આવ્યા છો, તારે અંહિ મંદિરે નહી આવવાનું તેમ કહી બોલાચાલી કરી હતી. બોલાચાલી દરમિયાન ફઇએ લીપ્સાબેન સાથે ઢીકાપાટુનો માર માર્યો હતો. સાસુ ભાવનાબેને વચ્ચે પડી આ મંદિર તો ગામનું છે, મારી વહુને અહિ આવવાની કેમ ના પાડો છો? તેમ કહી છોડાવવાનો પ્રયાસ કરતાં તેમને પણ ગાળો દીધી હતી.

આ વખતે વિનુગીરીએ લીપ્સાબેનને ફરી ધમકી આપી હતી કે જો તું અહિ આવીશ તો તને અને તારા પતિને મારી નાંખશું, ટાંટીયા ભાંગી નાંખશું. આથી લીપ્સાબેન નજીકમાં તાવા પ્રસાદી બનાવી રહેલા પોતાના પતિ હિતેષભાઇને બોલાવી લાવી હતી. તેણે પણ આ લોકોને સમજાવ્યા હતાં કે મંદિર ગામનું છે તમે કોઇને દર્શન કરવાની ના ન પાડી શકો. આ વખતે વિનુગીરી, દક્ષાબેન અને તેની પુત્રવધૂ કશીશે ઉશ્કેરાઇ જઇ ગાળો દઇ હિતેષભાઇનો કાંઠલો પકડીલઇ તમે લવમેરેજ કર્યા છે ને, હવે તમને જીવતા નથી રહેવા દેવા તેમ કહી ધમકી વધુ માથાકુટ કરી હતી. માથાકુટ વખતે પચાસથી સાંઇઠ ગામલોકો હાજર હતાં. આજીડેમ પોલીસ સ્ટેશનના એએસઆઇ સાગર એસ. પ્રધાને એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

**ફુવા-ફઇ અને તેમની પુતવધૂએ માથાકુટ કરીઃ યુવતિ સાથે તેના પતિને પણ મારી નાંખવાની ધમકી**

# પતિએ પત્ની પર હુમલો કરી આપી પતાવી દેવાની ધમકી

## ચાર વર્ષના પ્રેમસંબંધની પોલ ખુલતા ઢીકા-પાટુ મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો થોરાળા પોલીસમાં ગુનો

રાજકોટ, તા.૩૦

રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેશન ખાતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (ઇગજ્જ) ની કલમ ૧૭૩ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સત્યમ પાર્ક વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષીય પરણિતા જયશ્રીબેન ચાંડપાએ તેમના પતિ નવીનભાઈ ચાંડપા સામે શારીરિક માનસિક ત્રાસ, ગાળો આપી ઢીકા-પાટુનો માર મારવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે ધોરણસરની ફરિયાદ નોંધાવી છે. આ મામલે થોરાળા પોલીસે ભારતીય ન્યાય સંહિતા (ઇગજ) ની કલમ ૧૧૫(૨), ૩૫૧(૩) અને ૩૫૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ફરિયાદી જયશ્રીબેને પોલીસ સમક્ષ જણાવેલી હકીકત મુજબ, તેઓ રાજકોટના ૮૦ ફીટ રોડ પર આવેલ હુન્ડાઈના શોરૂમ સામે, સત્યમ પાર્ક શેરી નંબર ૧ માં પોતાના પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે. તેમના પરિવારમાં પતિ નવીનભાઈ (ઉંમર ૪૫ વર્ષ) ઉપરાંત ચાર સંતાનો છે, જેમાં બે પુત્રીઓ સંધ્યા (ઉંમર ૨૦ વર્ષ) અને સંજના (ઉંમર ૧૯ વર્ષ) તથા બે પુત્રો શિલ્જીત (ઉંમર ૧૫ વર્ષ) અને સત્યજીત (ઉંમર ૧૨ વર્ષ)નો સમાવેશ થાય છે. તેમના પતિ નવીનભાઈ ચાંડપા જમીન લે-વેચ (રિયલ એસ્ટેટ) નો ધંધો કરે છે અને ઘરનું ગુજરાન ચલાવે છે.

આ ઉપરાંત ૮૦ ફીટ રોડ પર ડો. આંબેડકર નગરના ગેટની સામે 'શ્રી રામ ટ્રેડિંગ' નામનું પતરાનું કારખાનું પણ ધરાવે છે. વિવાદનું

કારણઃ ચાર વર્ષથી ચાલતો પ્રેમસંબંધ અને બોલાચાલીઘટનાની વિગતો આપતા ફરિયાદીએ જણાવ્યું કે, ગત તા. ૨૫/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના આશરે સાડા અગિયારેક વાગ્યે તેઓ પોતાની ભત્રીજી રિયાંસીને મૂકવા માટે ૮૦ ફીટ રોડ પર આવેલ પતિના કારખાને ('શ્રી રામ ટ્રેડિંગ') ગયા હતા. તે સમયે તેમના પતિ નવીનભાઈ ઓફિસમાં બેસીને કોઈની સાથે ફોન પર વાત કરી રહ્યા હતા. જયશ્રીબેને સામાન્ય પૂછપરછ કરતા 'કોની જોડે ફોનમાં વાત કરો છો?' તેમ પૂછ્યું હતું. આ સાંભળી પતિ નવીનભાઈએ ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો હતો કે, ''હું પૂજા અરવિંદભાઈ પંડ્યા સાથે વાત કરું છું અને મારે તેની સાથે છેલ્લા ચાર વર્ષથી સંબંધ છે.

હું તેની જોડે સંબંધ તો રાખીશ જ અને ફોનમાં વાત પણ કરીશ, તારે થાય તે કરી લેજે.'' ઉશ્કેરાટ, શારીરિક હુમલો અને જાનથી મારી નાખવાની ધમકીપોતાના આડા સંબંધોનો ખુલાસો થતાં જ પતિ નવીનભાઈ એકદમ આવેશમાં આવી ગયા હતા અને પત્ની જયશ્રીબેનને જેમ ફાવે તેમ ગંદી ગાળો આપવા લાગ્યા હતા. બોલાચાલી ઉગ્ર બનતા નવીનભાઈએ તમામ મર્યાદાઓ ઓળંગીને જયશ્રીબેનને શરીરે ઢીકા-પાટુનો મૂઢ માર મારવાનું શરૂ કરી દીધું હતું. માર મારતી વખતે આરોપીએ ઉશ્કેરાઈને ''હવે તો તને જાનથી મારી જ નાખવી છે'' તેવી ગંભીર ધમકી આપી હતી. દેરાણીએ વચ્ચે પડી જીવ બચાવ્યો અને પોલીસ ફરિયાદ પતિના હુમલાથી ગભરાઈ ગયેલા જયશ્રીબેને કારખાનામાં રાડા-રાડી અને બૂમાબૂમ કરતા, નજીકમાં જ હાજર તેમના દેરાણી ગીતાબેન (પત્ની કાળુભાઈ ચાંડપા) દોડીને આવી પહોંચ્યા હતા. ગીતાબેને વચ્ચે પડીને જયશ્રીબેનને પતિના વધુ મારથી છોડાવીને બચાવ્યા હતા. પકડાઈ જવાના અને પોલીસ કેસ થવાના ડરથી આરોપી પતિ નવીનભાઈ ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ બનાવ બાદ ભયભીત અને ઈજાગ્રસ્ત બનેલા જયશ્રીબેન પોતાના પિયર (માતાના ઘરે) જતા રહ્યા હતા. પરિવારજનો સાથે વિચાર વિમર્શ કર્યા બાદ તા. ૩૦/૦૭/૨૦૨૬ ના રોજ તેઓએ થોરાળા પોલીસ મથકે પહોંચીને પતિ નવીનભાઈ ચાંડપા વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ તપાસ અને આગળની કાર્યવાહી થોરાળા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ડી.એચ. વાળાએ ફરિયાદી જયશ્રીબેનની ફરિયાદ નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ દેવાનંદ હિરાભાઈ વાળાને સોંપવામાં આવી છે. પોલીસ હાલ આરોપી પતિની ધરપકડ કરવા અને બનાવ સંદર્ભે વધુ પુરાવા એકત્ર કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે



### ચાર અલગ અલગ ઘટનાઓ પરિવારજનોને કારમો આઘાત આપી ગઈ

# દિકરાનો જન્મનો દાખલો લેવા નીકળેલા પિતાનું રસ્તામાં મોત

## ન્યારાના પાટીયા પાસે રિક્ષાએ મોટરસાઈલને ઉલાળતાં બની ઘટનાઃ બીજા બનાવમાં લોઠડામાં મશીનની ઠોકરે મજૂરનો જીવ ગયોઃ સરધારના પ્રૌઢનું દવા લઈને જતી વખતે રસ્તામાં બેભાન થતાં અને ઈન્દિરા સર્કલના વૃધ્ધનું આફ્રીકા કોલોની પાસે બેભાન થયા બાદ મૃત્યુ

રાજકોટ,તા.૩૦

કાળા માથાના માનવીને પરલોકનું તેડુ ગમે ત્યારે આવી જાય છે. કાળનો ભેટો ગમે ત્યારે ગમે ત્યાં થઇ જાય છે. આવી જ એક કરૂણ ઘટના બની છે જેમાં એક યુવાન રાજકોટ નજીકના ગામેથી પોતાના બે મહિના પહેલા જન્મેલા દિકરાનો જન્મતારીખનો દાખલો લેવા રાજકોટ કચેરી ખાતે આવી રહ્યો હતો ત્યારે જામનગર રોડ પર તેના મોટરસાઇકલને એક રિક્ષાએ ઉલાળી દેતાં આ યુવાનનું ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. બીજી ઘટનામાં એક યુવાન લોઠડા ગામે બાંધકામ સાઇટ પર મજુરી કરતો હતો ત્યારે મશીનની ઠોકરે આવી જતાં જીવ ગયો હતો.

પ્રથમ કરૂણ ઘટના જોઇએ તો જામનગર રોડ પર ન્યારાના પાટીયા પાસે ટુવ્હીલરને રિક્ષાએ ઠોકરે ચડાવતાં ટુવ્હીલર ચાલક પડધરીના બોડીઘોડી ગામે રહેતા અને ખેત મજુરી કરતાં યુવાનનું ગંભીર ઇજા થતાં મોત થયું છે. બે મહિના પહેલા જન્મેલા દિકરાનો જન્મતારીખનો દાખલો કઢાવવા આ યુવાન બોડીઘોડીથી રાજકોટ આવી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. વિશેષ માહિતી અનુસાર પડધરીના બોડીઘોડી ગામે વિશાલભાઇની વાડીમાં પરિવાર સાથે રહી મજુરી કરતો મુળ મધ્યપ્રદેશ જાંબુવાના નીચવાસ ફળીયા રાણાપુરનો વતની સુકરામ માનસિંગભાઇ ડામોર નામનો છવ્વીસ વર્ષનો યુવાન સવારે પોણા આઠેક વાગ્યે બોડીઘોડીથી મોટરસાઇકલ હંકારી રાજકોટ આવવા નીકળ્યો હતો.

આ યુવાનને રાજકોટ મહાનગર પાલિકા કચેરી ખાતે પહોંચવાનું હતુ. પરંતુ તે જામનગર રોડ ન્યરાના પાટીયા પાસે કટારીયા શો રૂમ નજીક પહોંચ્યો તે વખતે રિક્ષાની ઠોકરે ચડી જતાં હોન્ડા સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ પહોંચી હતી. સુકરામને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. તેનું અહિ મોડી રાતે મોત નિપજતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં હેડકોન્સ. એમ. જી. જાડેજાએ જરૂરી કાર્યવાહી કરી હતી.





મૃત્યુ પામનાર સુકરામ તેના પરિવાર સાથે બોડીઘોડી ગામે રહી ખેત મજૂરી કરતો હતો. પોતે ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં બીજો હતો. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. જેમાં દિકરો બે મહિનાનો જ છે. તેનો જન્મતારીખનો દાખલો રાજકોટ મનપા કચેરીમાંથી લેવાનો હોઇ સુકરામ રાજકોટ આવી રહ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હોવાનું સગાએ જણાવ્યું હતુ અને જે રિક્ષાની ઠોકરે તે ચડ્યો તે રિક્ષાનો ફોટો પણ સગાએ આપ્યો હતો. પોલીસે આ અંગે જરૂરી કાર્યવાહી કરી છે. બનાવથી મજૂર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી કરૂણ ઘટના જોઇએ તેમાં પણ એક મજૂરને અચાનક ઓચીંતુ મોત ભેટી ગયું હતું. શાપર વેરાવળમાં રહેતો મુળ મધ્યપ્રદેશનો યુવાન લોઠડા ગામે બાંધકામ સાઇટ પર મજુરી કરતો હતો ત્યારે સિમેન્ટની લારીનો ફેરો કરતી વખતે બાંધકામ સાઇટ પર વપરાતાં એક્ઝેન મશીનની ઠોકરે આવી જતાં ગંભીર ઇજા થતાં તેની જિંદગીનો અંત આવી ગયો હતો.

વિશેષ માહિતી અનુસાર શાપર ભૂમિ ગેઇટમાં રહેતો મુકેશભાઇ ઇશનભાઇ અજનાર નામનો એકત્રીસ વર્ષનો યુવાન સાંજે સાડા ચારેક વાગ્યે લોઠડા ગામમાં મારૂતિ એન્ટરપ્રાઇઝ નજીક નવા ડેલા-શેડનું બાંધકામ ચાલુ હોઇ ત્યાં કડીયા કામની મજુરી કરવા ગયો હોઇ સિમેન્ટની લારી હંકારીને જતો હતો ત્યારે એક્ઝેન મશીનની ઠોકરે આવી જતાં માથા-શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મોત થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મુકેશભાઇ મુળ મધ્યપ્રદશેનો વતની હતો. તે ચાર ભાઇ અને એક બહેનમાં નાનો હતો. તેને સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. જેણે પિતાની છત્રછાંયા ગુમાવતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહને અંતિમવિધી માટે વતન મધ્યપ્રદેશ ખાતે લઇ જવાયો હતો. શાપર પોલીસે આકસ્મીક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

અપમૃત્યુની ત્રીજી ઘટનામાં સરધારમાં હરિદ્વાર રેસીડેન્સીમાં બી-૧૦ ખાતે રહેતાં પ્રફુલચંદ્ર છોટાલાલ વાળા નામના સત્તાવન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં આજીડેમ પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતક ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં બે દિકરા છે. પેટમાં દુઃખાવો થતો હોઇ દિકરા હાર્દિકભાઇ સાથે રાજકોટ કારમાં બેસી હોસ્પિટલે બતાવીને પરત ઘરે જતાં હતાં ત્યારે રસ્તામાં બેભાન થઇ જતાં તેમનું મૃત્યુ થયું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

ચોથા બનાવમાં ઇન્દીરા સર્કલ નજીક અશ્વમેઘ એપાર્ટમેન્ટમાં રહેતાં વિજયસિંહ અરૂણસિંહ જાડેજા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ આફ્રિકા કોલોની પાસે જલારામ પ્લોટમાં હતાં ત્યારે મહાદેવના મંદિર સામે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. આમ ચાર લોકોના મૃત્યુથી તેમના પરિવારજનોમાં શોક વ્યાપી ગયો હતો.

# હેલ્થ સેન્ટરની આડમાં દોઢ વર્ષથી ધમધમતો'તો દેહવિક્રયનો ધંધો!

## એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમ ત્રાટકીઃ રીસેપ્સનીસ્ટ યુવતિ અને સાથેના યુવાનની ધરપકડઃ સંચાલિકા મહિલાની શોધખોળઃ પોશ એરીયામાં પાપલીલા ખુલ્લી પડતાં લોકોમાં ચકચાર

રાજકોટ,તા.૩૦

ગંદા હૈ પર ધંધા હૈ એ વાતને ઉજાગર કરતો વધુ એક પર્દાફાશ પોલીસે કર્યો છે. શહેરના પોશએરીયામાં હેલ્થ સેન્ટરની આડમાં દોઢ વર્ષથી ધમધમી રહેલા દેહવિક્રયના કારસ્તાને ઉઘાડુ પાડી શહેર પોલીસની એએચટીયુની ટીમે અહિ રીસેપ્સનીસ્ટ તરીકે કામ કરતી યુવતિ અને એક યુવાનને પકડી લીધા હતાં. સંચાલિકા શિક્ષીકાને શોધવા પોલીસે તપાસ આગળ ધપાવી હતી.

વિગતો જોઇએ તો વધુ એક વખત કૂટણખાનાનો પર્દાફાશ થયો હતો. હેલ્થ સેન્ટરની આડમાં ચાલતાં આ લોહીના વેપલાનો એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે પર્દાફાશ કરી એક શખ્સ અને રીસેપ્સનીસ્ટ યુવતિને પકડી લીધા છે. જ્યારે સંચાલક મહિલાની શોધખોળ થઇ રહી છે. દોઢ-બે વર્ષથી આ લોહીનો વેપલો ચાલી રહ્યાની પ્રાથમિક વિગતો ખુલી હતી. એએચટીયુની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે સાધુ વાસવાણી રોડ પાસે, ગોપાલ ચોક, બાલમુકુંદ સોસાયટી મેઇન રોડ પર 'વજન વધારો ઘટાડો' બોર્ડ વાળા મકાનમાં આવેલ હેલ્થ સેન્ટરમાં સંચાલક દ્વારા બહારથી યુવતીઓ બોલાવી દેહ વ્યાપારનો ધંધો કરાવવામાં આવતો હોવાની ચોક્કસ હકીકત મળી હતી.આ હકીકતની ખાતરી અને વેરીફાઇ કર્યા બાદ એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટની ટીમે હેલ્થ સેન્ટરમાં દરોડો પાડ્યો હતો.

રેઇડ દરમિયાન આ સ્થળે હેલ્થ સેન્ટરની આડમાં આર્થિક લાભ મેળવવા માટે ગેરકાયદેસર દેહ વ્યાપારની પ્રવૃત્તિ ચાલતી હોવાનું સામે આવ્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યા મુજબ, હેલ્થ સેન્ટરમાં આવતા ગ્રાહકો પાસેથી એન્ટ્રી ફી તરીકે રૂ. ૧૦૦૦ રોકડા અથવા ઓનલાઇન ક્યુઆર કોડ મારફતે મેળવી ગ્રાહક દીઠ યુવતીઓ સાથે શરીર સંબંધ બાંધવા દેવાતો હતો. સંચાલકો પોતાના અંગત આર્થિક લાભ માટે અન્ય યુવતીઓ પાસે દેહ વ્યાપાર કરાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા. રેઇડ દરમિયાન પોલીસે સ્થળ પરથી ત્રણ મોબાઇલ ફોન સહિત કુલ રૂ. ૧૭,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે 'ધી ઇમ્મોરલ ટ્રાફિક એક્ટ' ની કલમ ૩, ૪, ૫, ૭ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે આ મામલે પંદર હજારના પગારથી રીસેપ્સનીસ્ટ તરીકે નોકરી કરતી પભીબેન ઓ કારાભાઇ કરમુર (ઉ.વ. ૩૫, રહે. હરીનગર શેરી નં. ૪, પટેલ કન્યા છાત્રાલય પાછળ, યુનિવર્સિટી રોડ, રાજકોટ, મુળ રહે. મોટી ખોખરી ગામ, ખંભાળીયા, જી. દેવભુમિ દ્વારકા) અને ચિંતન ભાવેશભાઇ વાસજાળીયા (ઉ.વ. ૨૦, પ્રાઇવેટ નોકરી, રહે. અક્ષરદીપ સોસાયટી, શેરી નં. ૩, પરેશભાઇના મકાનમાં ભાડેથી, ઉમિયાચોક, રાજકોટ (મુળ રહે. ગોકુલપાર્ક-૪, ધ્રોલ, જી. જામનગર)ને પકડી લીધા હતાં. મુખ્ય સંચાલીકા ભાવનાબેન જોષીની શોધખોળ ચાલુ છે. તે શિક્ષીકા હોવાની પ્રાથમિક માહિતી મળતાં વિશેષ તપાસ યુનિવર્સિટી પોલીસે હાથ ધરી હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ કે.કે. ગોહિલ,પીએસઆઇ આર.કે. ગોહિલ, એએસઆઇ અજયકુમાર શુક્લા, સલીમભાઇ મકરાણી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ. જીગ્નેશભાઇ આર. મારૂ, હરસુખભાઇ ડી. વાછાણી, તથા પો.કોન્સ. હસમુભાઇ બાલધા, મહેશ ગણેશ-સાદ -સાદ, જ્યોતીબેન બાબરીયા અને ડ્રાઇવર પો.કોન્સ. સૂર્યકાંતભાઇ દ્વારા કરવામાં આવી છે. દોઢેક વર્ષથી આ હેલ્થ સેન્ટરની આડમાં કૂટણખાનુ ચાલતુ હોવાની પ્રાથમિક માહિતી ખુલી હતી. અગાઉ પણ શહેરમાં પોશ વિસ્તારોમાં અને સ્પાના ઓઠા તળે ચાલતા લોહીના વેપલાઓનો પર્દાફાશ થયો હતો.

### બૂટલેગરોના ગમે તેવા કિમીયા હોય પોલીસ ધારે તો એક ચપલુય ન ઘુસે

# સ્લીપર કોચ બસમાં દારૂની હેરફેરઃ પાંચ પકડાયા

રાજકોટ,તા.૩૦

બૂટલેગરો, સપ્લાયરો પોલીસથી બચવા માટે નવા નવા નુસ્ખા અજમાવતાં રહે છે. પણ પોલીસ ધારે તો બાટલી તો શું એકેય ચપલુય ઘુસી ન શકે. વધુ એક વખત પોલીસે દારૂની હેરાફેરી નાકામ બનાવી છે. મધ્યપ્રદેશથી સ્લીપર કોચ બસમાં દારૂની હેરાફેરી થતી હોય એલસીબી ઝોન-૧ની ટીમે પાંચ શખ્સોને પકડી લઇ દારૂ અને બસ કબ્જે કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

વિગતો અનુસાર શહેરમાં દારૂ-જુગારની પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા માટે આપેલા આદેશ અન્વયે એલસીબી ઝોન-૧ની ટીમે વધુ એક વખત દારૂની હેરાફેરી અટકાવી છે. અમદાવાદ-રાજકોટ નેશનલ હાઇવે પર બામણબોર ચેકપોસ્ટ નજીકથી પસાર થતી શ્રી બાલાજી નામની ટ્રાવેલ્સ નામની સ્લીપર કોચ બસની સીટ નીચે છુપાવેલા દારૂના જથ્થા સાથે પાંચ શખ્સોને પકડી લઇ દારૂ, બસ મળી સોળ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ બસ મધ્યપ્રદેશના જાંબવાથી રાજકોટ આવી રહી હતી. તેના ડ્રાઇવર, ક્લીનર સહિત પાંચને પકડી લેવાયા છે. અગાઉ પણ આવી ખેપ મારી હોવાનું ખુલ્યું હતું. એલસીબી ઝોન-૧ પીએસઆઇ એમ.કે. મોવલીયા અને ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ મનરૂપગીરી ગૌસ્વામી, હેડકોન્સ. જગદીશસિંહ પરમાર અને કોન્સ. મહાવીરસિંહ ચુડાસમાને મળેલી બાતમીના આધારે હાઇવે પર બામણબોર ચેકપોસ્ટથી થોડે આગળ શ્રી બાલાજી ટ્રાવેલ્સની બસ એમપી૦૯એએફ-૩૧૬૭ને રોકીને તપાસ કરવામાં આવી હતી.

**એલસીબી ઝોન-૧ ટીમે બામણબોર પાસે બસ પકડી**

તપાસ દરમિયાન બસમાં સીટ નીચે બનાવેલા ચોરખાનાઓમાંથી ગેરકાયદે વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બસના ડ્રાઇવર લેંજુ અદીયા ડામોર (કાકરદા ગામ, કુંદનપુર, તા. રાણાપુર, જી. જાંબુવા એમપી), ક્લીનર સંજય અનિલભાઇ નીનામા (દોતેડ ગામ, કુંદનપુર, તા. રાણાપુર, એમપી), વિજય વિક્રમસિંહ હટીલા (ઉસાલપુરા ગામ, કંજાવાની, તા. રાણાપુર, એમપી), સંજય કાનજુ મેડા (બુધાશાલા ગામ, પુજારા ફળિયા, કુંદનપુર, તા. રાણાપુર, જી. જાંબુવા એમપી) અને વિજય હરજીભાઇ બાવળીયા ( રહે. માલધારી સોસાયટી શેરી નં. ૦૩, શાળા નં. ૬૭ પાસે, ગ્રીનલેન્ડ ચોકડી પાસે, રાજકોટ)ને પકડી લીધા હતાં. પોલીસે બેગપાયપર ડીલક્સ વ્હીસ્કીં ૧૮૦ એમ.એલ.ના પ્લાસ્ટિક તથા કાચના કંપની સીલપેક ચપલા નંગ ૪૩૨ કિંમત રૂ. ૮૬,૪૦૦ તથા રોયલ સ્ટગ સુપરીયર વ્હીસ્કીં ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ ૧૨ કિંમત રૂ. ૧૩,૨૦૦નો દારૂ તથા ૧૫ લાખની બસ મળી ૧૫,૯૯,૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય માંડલિક, ડીસીપી હેતલ પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. કે. મોવલીયા, એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હરેશભાઇ પરમાર, હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, હિતેન્દ્રસિંહ ઝાલા, જગદીશસિંહ પરમાર, નરેન્દ્રભાઇ ગઢવી, કોન્સ. રવિરાજભાઇ પટગીર, નીખીલભાઇ પીરોજીયા, મહાવીરસિંહ ચુડાસમાની ટીમે આ કામગીરી કરી હતી. બસ ચાલક, ક્લીનર અગાઉ પણ આ રીતે એક ખેપ મારી ચુક્યા હોવાનું ખુલતાં વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

### ઘણીવાર વેપારીઓને ગઠીયાઓ આંબાઆંબલી દેખાડી છેતરે, તો ક્યારેક ખુદ વેપારીઓ ખેલ ખેલે

# સસ્તામાં સ્ક્રેપના નામે વેપારીઓનું દોઢ કરોડનું ફ્રોડ

## જે કંપનીએ સોદો કર્યો તેને થોડોઘણો માલ આપી પછી બૂચ મારી દીધુઃ બીજી તરફ પ્રોજેક્ટના નામે દોઢ કરોડની ઠગાઈમાં થઈ એકની ધરપકડ

રાજકોટ,તા.૩૦

વેપારીઓ સાથે અવાર-નવાર ગઠીયાગીરી થતી રહે છે. ઘણીવાર જે તે ગઠીયાઓ શરૂઆતમાં માલસામાન રોકડેથી ખરીદી વિશ્વાસ ઉભો કરી બાદમાં લાખોનો માલ બાકીમાં લઇ જઇ બૂચ મારી દેતાં હોય છે. તો ઘણીવાર જે તે વેપારીને સસ્તામાં માલસામાન અપાવી દેવાની લાલચ આપી લાખો, કરોડોનો ચૂનો લગાવાતો હોય છે. તો ઘણીવાર ખુદ વેપારીઓ જ બીજાને છેતરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં સ્ક્રેપના વેપારીઓએ મળીને એક કંપનીને દસ કરોડનો ભંગાર આપવાના નામે દોઢ કરોડથી વધુની ઠાગઇ કરી લીધી હતી.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના સાયન્સ સિટી સ્થિત ફોર્ચ્યુન બિઝનેસ હબ ખાતે ઓફિસ ધરાવતા બે શખ્સોએ ફરીદાબાદની એક ખાનગી કંપની સાથે દસ કરોડના એલ્યુમિનિયમ સ્ક્રેપનો સોદો કરી એક કરોડ સાંઇઠ લાખની ઠગાઈ આચરી હોવાનો કિસ્સો સામે આવ્યોહ તો. આ મામલે ફરીદાબાદની કંપનીના સેલ્સ મેનેજરે અમદાવાદ ક્રાઈમ બ્રાંચની ઈકોનોમિક ઓફેન્સ વિંગમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરાઇ હતી. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ ફરીદાબાદની વામી ટેક સોલ્યુશન્સ પ્રા.લિ. કંપનીના સેલ્સ મેનેજર કુલદીપ જૈને નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમની કંપની એલ્યુમિનિયમ સ્ક્રેપના ખરીદ-વેચાણનો વ્યવસાય કરે છે.




તેમણે ગત વર્ષે તેમના મિત્ર ગૌરવ યાદવ મારફતે તેમનો સંપર્ક અમદાવાદના પ્રવિણસિંહ રાજુસિંહ સાથે સંપર્ક કર્યો હતો. પ્રવિણસિંહની સાયન્સ સિટી સ્થિત ફોર્ચ્યુન બિઝનેસ હબ ખાતેની ઓફિસમાં મીટિંગ યોજાઈ હતી. જ્યાંપ્ર-વિણસિંહે દાવો કર્યો હતો કે તેઓ સરકાર પાસેથી ટેન્ડર મારફતે એલ્યુમિનિયમ વાયર ખરીદે છે અને કઠવાડા ખાતેના ગોડાઉનમાં સ્ટોક રાખે છે, જેનું સંચાલન ઉમેદભાઈ નામના શખ્સ કરે છે. કુલદીપ જૈને કઠવાડા ગોડાઉન ખાતે જઈને માલ પસંદ કર્યા બાદ દસ કરોડમાં પાંચસો ટન સ્ક્રેપ આપવાનું નક્કી થયું હતું.

આ ડીલ ફાઇનલ થયા બાદ ફરિયાદી કંપની પાસેથી ૪.૫૯ કરોડ ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા. પણ આ રકમ સામે આરોપીઓએ માત્ર રૂપિયા ૩.૦૬ કરોડનો જ માલ મોકલ્યો હતો. આ સિવાય આરોપીઓએ જીએસટી પેટે પણ અલગથી ૮.૩૪ લાખ ભરાવ્યા હતા. બાકીનો માલ કે પૈસા પરત ન આપીને અમદાવાદના -વિણસિંહ રાજુસિંહ અને ઉમેદભાઈએ ફરીદાબાદની કંપની સાથે કુલ એક કરોડ સાંઇઠ લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે ઇઓડબલ્યુ ક્રાઈમ બ્રાંચે ગુનો નોંધી તપાસ આગળ ધપાવી હતી.

બીજી તરફ સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં જમીન અને પ્લોટના નામે નાગરિકો સાથે લાખો-કરોડો રૂપિયાની છેતરપિંડીના કેસમાં કામરેજ પોલીસે મોટી કાર્યવાહી કરી હતી.

અમદાવાદની જાણીતી પતંગ હોટેલના માલિક ઉમંગ હરીભાઈ ઠક્કરની ધરપકડ કરીને તેને જેલના હવાલે કરવામાં આવ્યો હતો. આરોપી દ્વારા ખોટા -ોજેક્ટના નામે લોકોને વિશ્વાસમાં લઈને કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. કામરેજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના મુજબ ઉમંગ ઠક્કરે કામરેજના ખોલવડ ગામમાં સહજાનંદ નિર્વાણા નામનો પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. જોકે, જે જમીન પર પ્રોજેક્ટ દર્શાવવામાં આવ્યો હતો તે જમીન વર્ષ ૨૦૧૮માં જ અન્ય વ્યક્તિને વેચાઈ ચૂકી હતી.

જમીનનું ટાઇટલ ક્લિયર ન હોવા છતાં આરોપીએ ખુલ્લા પ્લોટના વેચાણ અને બુકિંગ શરૂ કરીને લોકોને ગેરમાર્ગે દોર્યા હતા. પોલીસ તપાસ અનુસાર આરોપીએ ૧૫થી વધુ ફરિયાદીઓને પ્લોટ આપવાના વાયદા કરીને તેમની પાસેથી કુલ એક કરોડ છપ્પન લાખ વસૂલ્યા હતા. પરંતુ ન તો પ્લોટની ફાળવણી કરવામાં આવી અને ન તો ફરિયાદીઓના નાણાં પરત આપવામાં આવ્યા. લાંબા સમય સુધી રાહ જોયા બાદ ભોગ બનનારાઓએ પોલીસનો આશરો લીધો હતો. સુરત જિલ્લાના કામરેજ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની જત્ય નોંધાઈ. ફરિયાદમાં ઉમંગ ઠક્કર, નીલ ઠક્કર, કાંતા ઠક્કર સહિતના આરોપીઓના નામ દર્શાવવામાં આવ્યા હતા. આરોપીઓ સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને કાવતરાં સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

### સતત અવિરત આ પ્રકારની ઠગાઈઓ થાય છે, છતાં લોકોમાં નથી આવી રહી જાગૃકતા

# વિઝા લેવા જતાં સાડાસોળ લાખનો ડામ

## પિતાએ પુત્રને વિદેશ મોકલવા એજન્ટને ચોવીસ લાખ દીધાઃ પણ તેણે સાડા સાત લાખ પાછા આપી વિઝા નહિ થાય એવુ કહી બાકીના રૂપિયા ખાઇ ગયોઃ પોલીસે એફઆઇઆર દાખલ કરીઃ : ઠગાઇના બીજા બનાવમાં રોકાણ પર નફાના નામે પોણા પાંચ કરોડ એક મહિલાએ ઉસેડી લીધા

રાજકોટ,તા.૩૦

વિદેશ જવાના સપનાઓ જોતાં અને ત્યાં જઇ નોકરી કે ધંધો કરીને બે પાંદડે થવાના ઈરાદા ધરાવતાં યુવાનો, પરિવારો ગમે તેમ કરીને વિદેશ પહોંચવા માટે આકુળ વ્યાકુળ હોય છે. ઘણીવાર તો ત્યાં જવા માટે પોતાની મરણમુડી કે પછી લોનથી, ઉછી ઉધારથી, માલ મિલ્કત ગીરવે મુકીને નાણા લઇને એજન્ટોને ધરી દેતાં હોય છે. પણ ઘણાખરા કિસ્સામાં આવા એજન્ટો રૂપિયા ખાઇ જઇ વર્ક પરમીટ વિઝાને બદલે ઠેંગો બતાવી દેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક પિતાએ પોતાના પુત્રને ઓસ્ટ્રેલિયાના વિઝા અપાવવા માટેના ભાગ રૂપે એક એજન્ટને ચોવીસ લાખ આપ્યા પરંતુ આ કહેવાતા એજન્ટે વિઝા ન કરી સાડા સાત લાખ જ પાછા આપી બાકીના સોળ લાખ પાંસઠ હજાર ખાઇ ગયો હતો.

આ સમગ્ર કિસ્સાની વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરના વિજય ચાર રસ્તા પાસે આવેલી વિઝા કન્સલ્ટન્સીએ એક યુવકના ઓસ્ટ્રેલિયાના વિઝા અપાવવાનું કહીને ચોવીસ લાખ વિઝા ફી પેટ લીધા હતા. જોકે




બાદમાં વિઝા ન આપીને માત્ર સાડા સાત લાખ પરત આપ્યા હતા. બાકીના ૧૬.૬૫ લાખ પરત ન આપતા યુવકના પિતાએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ઘોડાસરમાં રહેતા શૈલેષ પટેલે ફરિયાદ નોંધાવી છે કે તેમને વિજય ચાર રસ્તા પાસે આવેલી વિન સ્ત્ભ હોલિડેઝ કંપનીની જાહેરાત જોઈ હતી. શૈલેષભાઈને તેમના દીકરાને ઓસ્ટ્રેલિયા મોકલવો હોવાથી દીકરા સાથે વિજય ચાર રસ્તા ખાતેની વિઝા કન્સલ્ટન્સીમાં આવ્યા હતા. જ્યાં કંપનીના માલિક વિવેકે મહેશ્વરી મળ્યા હતા.

વિવેકે શરૂઆતમાં તો શૈલેષભાઈને ઓસ્ટ્રેલિયાના વિઝા માટે ૩૦ લાખ ફી થશે તેવું જણાવ્યું હતું. બાદમાં ચોવીસ લાખ નક્કી કર્યા હતાં. શૈલેષભાઈ શરૂઆતમાં ૧૧.૫૦ લાખ રૂપિયા આપ્યા હતા. જે બાદ વિવેક શૈલેષભાઇના દીકરા પાર્થને લઈને નેપાળ વિઝા માટે ગયો હતો. પાર્થ પોતાની સાથે ૩ હજાર ડોલર લઈને ગયો હતો. જે વિવેકે રાખી લીધા હતા. આ ઉપરાંત વિવેકને બીજા પણ ૧૦ લાખ રૂપિયા આપ્યા હતા છતાં વિવેકે વિઝા અપાવ્યા ન્હોતા. વિઝા ન મળતા વિવેકે ૨૪.૧૫ લાખમાંથી શૈલેષભાઈને ૭.૫૦ લાખ પરત આપ્યા હતા. બાકીના ૧૬.૬૫ લાખ પરત આપવામાં બહાના બતાવતો હોવાથી શૈલેષભાઇએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિવેક મહેશ્વરી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. રાજ્યભરમાં આ પ્રકારે કોઇને કોઇ લેભાગુ કહેવાતા વિઝા કન્સ્લ્ટન્ટ દ્વારા ઠગાઇ થતી રહે છે. આવા કિસ્સા લગભગ એકાતરે બે દિવસે સામે આવતા રહે છે. આમ છતાં વિદેશ જવા ઇચ્છુકો જાગૃત થતાં નથી અને પુરતી તપાસ કર્યા વગર આંધળો વિશ્વાસ મુકીને જે તે એજન્ટોને નાણા આપી દેતાં હોય છે. પરંતુ બાદમાં પસ્તાવો કરવાનો વારો આવતો હોય છે. બધા એજન્ટો આવા નથી હોતા. ઈમાનદારીથી કામ કરનારા પણ છે, વિદેશ જવા ઇચ્છુકોએ આવા એજન્ટોની પુરતી હિસ્ટ્રી બજારની સાખ જાણીને પછી જ વિઝા માટે તેને કામ સોંપવું જોઇએ. જેથી કરીને આવા ફ્રોડથી બચી શકાય. ઠગાઇના અન્ય એક બનાવમાં ભાવનગર શહેરના દેવુબાગ વિસ્તારમાં રહેતા અને કન્સ્ટ્રકશન વ્યવસ્યાય કરતા વૃદ્ધને અમદાવાદની મહિલાએ તેની હેત વેલ્થ ક્રિએશન ગ્રુપની કંપનીમાં રોકાણ પર ચા વળતરની લાલચ આપી રૂ.૧,૧૮,૦૦,૦૦૦નું તેમજ વૃદ્ધના અન્ય પરિવારજનો સહિત વીસ રોકાણકારોના આ કંપનીમાં રોકાણ કરાવી કુલ.રૂ.૪.૭૨ કરોડથી વધુના રોકાણના નાણા મહિલા ઓળવી જઇ ઉચાપત કરતા સમગ્ર મામલે વૃદ્ધએ મહિલા સામે નિલમબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવતાં તપાસ શરૂ થઇ હતી.

વધુ માહિતી અનુસાર ભાવનગરના દેવુબાગ વિસ્તારમાં આવેલ સાંકેત રેસિડન્સી લેટ નંબર ૧૦૨માં રહેતા અને કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરતા ચંદ્રકાંતભાઈ ધનજીભાઇ જોષી ઉ.વ ૭૫એ નિલમબાગ પોલીસ મથકમાં નિમિત્સા વિમલકુમાર વ્યાસ સામે ફરિયાદ નોંધાવી હતી કે, ગત વર્ષે તેઓની દીકરી શ્વેતાબેનની મિત્ર નિમિત્સા વિમલકુમાર વ્યાસ તેઓના ઘરે આવેલ અને તેણે કહ્યુ કે અંકલ શ્વેતાબેન મારી કંપનીમાં રોકાણ કરે છે તમે પણ રોકાણ કરો તમને સારૂ એવુ વળતર અપાવીશ તેમ કહેતા તેઓએ કંપની માં કઈ રીતે રોકાણ કરવાનું તેમ પૂછતાં તેણે હેત વેલ્થ ક્રીએશન ગ્રુપ નામની કંપની ચલાવતી હોવાનું જણાવી રોકાણકારોના નાણાં ત્રણ ડબલ કરી આપવાની તેમજ મોટો નફો અપાવવાની લોભામણી યોજનાઓ રજૂ કરી હતી.

ત્યારબાદ મહિલાએ ગૂગલ સાઇટ પર બનાવટી વેબપેજ બનાવી પોતાને ફાઉન્ડર અને ઓનર તરીકે દર્શાવી વિશ્વાસ કેળવાતા આ લોભામણી સ્કીમમાં ફસાઈને તેઓ તથા તેમના પત્નીએ શરૂઆતમાં કટકે કટકે કુલ રૂ. ૧,૧૮,૦૦,૦૦૦ નું રોકાણ કર્યું હતું. ત્યારબાદ મહિલાએ અલગ-અલગ સ્કીમોના બહાને તેઓના પરિવાર, સગા-સંબંધીઓ અને મિત્રો સહિત કુલ ૨૦ જેટલા રોકાણકારો પાસેથી આશરે રૂપિયા ૪.૭૨ કરોડથી વધુનું રોકાણ કરાવ્યું હતું. પોલીસે એફઆઇઆરને આધારે તપાસ આગળ ધપાવી હતી.

### જુના નવા કિમીયાનો ઉપયોગ કરી લોકોને છેતરી રહ્યા છે સાયબર ગઠીયો

# મિત્રના નંબર પરથી APK ફાઇલ આવી ને નાણા સાફ

રાજકોટ,તા.૩૦

ઓનલાઇન છેતરપીંડીના અનેક નુસ્ખાઓનો ગઠીયાઓ ઉપયોગ કરીને લોકોને છેતરી રહ્યા છે. નવા જુના નુસ્ખા દ્વારા હજારથી માંડી લાખો કરોડોનું ફ્રોડ થઇ જતું હોય છે. એપીકે ફાઇલ મારફત ફોન હેક કરીને ઠગાઇ કરવાના કિસ્સા અટકતા જ નથી. વધુ એક આવી ઠગાઈમાં એક યુવાને નાણા ગુમાવ્યા હતાં. વ્હોટ્સએપમાં મિત્રના નંબર પરથી આવેલી એપીકે ફાઇલ આ યુવાને ઇન્સ્ટોલ કરતાં જ તેના ખાતામાંથી રકમ ગાયબ થઇ ગઇ હતી. આ પ્રકારની ઠગાઇ અવાર-નવાર થાય છે. લોકો ઘણીવાર તો જાણતા પણ હોય છે કે એપીકે ફાઇલ ખોલવાથી ફ્રોડ થઇ શકે છે, આમ છતાં મિત્ર કે બહુ નજીકના સગાના નંબર પરથી આવતી ફાઇલને ઉતાવળે કે પછી કુતુહલવશ થઇને ક્લીક કરી દેવામાં આવતી હોય છે અને એ સાથે જ ગઠીયાનું કામ બની જતું હોય છે.

આવા વધુ એક ફ્રોડની વિગતો જોઇએ તો નડીયાદના કપડવંજ તાલુકાના ઉકરડીના મુવાડામાં રહેતાં એક યુવકે પોતાના મિત્રના નંબર પરથી આવેલ એપીકે ફાઈલ ઓપન કરી, એપ્લિકેશન ઈન્સ્ટોલ કરતાં બેંક ખાતામાંથી ૨.૪૧ લાખ ઉપડી ગયાં હતાં. આ અંગે આતરસુંબા પોલીસે અજાણ્યાં સાયબર ગઠિયા વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. વિશેષ માહિતી અનુસાર કપડવંજ તાલુકાના ઉકરડીના મુવાડામાં આવેલ મસ્જીદવાળા ફળીયામાં રહેતાં ઈમામુદ્દીન કાલુભાઈ પઠાણ છુટક મજુરીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ઈમામુદ્દીનના મોબાઈલમાં તેમના મિત્ર મહેશભાઈ ચૌહાણના નંબર




**યુવાનને ક્લીક કરતાં તેના નાણા તેના પત્નિના ખાતામાં ગયાઃ પત્નિનો ફોન હેક થયો અને બાદમાં રૂપિયા ગાયબ થઇ ગયા**

પરથી વ્હોટ્સએપમાં એક મેસેજ આવ્યો હતો.

મિત્રના નંબર પરથી આવી ફાઇલ આવી હોઇ મિત્રએ કંઇક ઉપયોગી કે અગત્યનો મેસેજ વિડીયો મોકલ્યો હશે તેમ સમજી વધુ વિચાર કર્યા વગર જ ઈમામુદ્દીને આ એપીકે ફાઈલ ઓપન કરતાં એક એપ્લિકેશન ઈન્સ્ટોલ થઈ હતી. જે એપમાં ઈમામુદ્દીને બેંક ખાતાનો પાસવર્ડ નાંખ્યો હતો. પણ એપ્લિકેશનમાં એરર આવતાં, તેઓએ બીજી વખત એપ્લિકેશન ઓપન કરી પત્નિના બેંક ખાતાનો પાસવર્ડ નાંખ્યો હતો. બીજી વખત પણ એપ્લીકેશનમાં એરર આવતા તેઓએ એપ્લિકેશન બંધ કરી દીધી હતી. જે બાદ તેઓએ પોતાના નંબરથી ડીશ ટીવીનું રીચાર્જ કરતાં, ત્યારબાદ મારા ઈમામુદ્દીનના બેંક ખાતામાંથી અલગ અલગ ટ્રાન્સજેશન થકી દોઢ લાખ રૂપિયા તેમની પત્નિ પરવિનબાનુના ખાતામાં જમા થયાં હતા.

બીજી બાજુ પરવિનબાનુનો મોબાઈલ હેક થઈ ગયો હતો અને તેમના બેંક ખાતામાંથી બે તબક્કામાં થઈને કુલ ૨,૪૧,૦૨૩ રૂપિયા ઉપડી ગયાં હતાં. જેથી ઈમામુદ્દીને પોતાના મિત્ર મહેશભાઈ ચૌહાણને ફોન કરી એપીકે ફાઈલ બાબતે પુછતાં તેઓએ પોતાનો મોબાઈલમાં વ્હોટ્સએપ હેક થયું હોવાનું અને મિત્રોના મોબાઈલ નંબર પર ઓટોમેટીક એપીકે ફાઈલ ફોરવર્ડ થઈ હોવાનું જણાવ્યું હતું. આમ સાયબર ગઠીયા આ વખતે એપીકે ફાઇલનું જુનુ ગતકડુ વાપરી પછી રૂપિયા યુવાનના પત્નિના ખાતામાં જમા કરાવડાવી તેની પત્નિનો ફોન હેક કરી બાદમાં નાણા ઉસેડી લેવાનો નવો કિમીયો લાવ્યા હતાં.

આ કિસ્સામાં પોતાની સાથે સાયબર છેતરપીંડી થઈ હોવાનું લાગતાં દંપતિએ જે તે વખતે સાયબર ક્રાઈમમાં ઓનલાઈન અરજી કરી હતી. હવે આ અંગે આતરસુંબા પોલીસમથકમાં ફરીયાદ આપતાં તેના આધારે પોલીસે અજાણ્યાં સાયબર ગઠિયા સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અજાણ્યા કે જાણીતા કોઈપણ નંબર પરથી આવતી એપીકે ફાઈલ ખોલતાં પહેલા પુરતી ચકાસણી કરવી અત્યંત આવશ્યક છે. ગઠીયાઓ ટાંપીને જ બેઠા હોય છે. નજર હટી દુર્ઘટના ઘટીની જેમ તરત જ તમારી સાથે ફ્રોડ થઇ શકે છે.

**પહેલા પીછો કર્યો પછી બદનામ કરવાની ધમકી દઇ બળજબરી આચરી**

# સગીરા સાથે સગીરનું વારંવાર દુષ્કર્મઃ ગર્ભ રાખી દીધો

## ત્રણ મહિના સુધી માસીકધર્મ ન આવતાં માતાને શંકા ઉપજતાં ડોક્ટર પાસે તપાસ કરાવતાં હવસખોરી ખુલ્લી પડીઃ પોલીસે સગીર વયના આરોપીને રાઉન્ડઅપ કરી તપાસ આરંભી

રાજકોટ,તા.૩૦

સગીરાઓને કોઇપણ રીતે ફસાવીને કે પછી ધાકધમકી આપીને તેની સાથે બળજબરી આચરી લેવાના કિસ્સાઓ રોજબરોજ બનતા રહે છે. રાજ્યભરમાં આવી ઘટનાઓ કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં નોંધાય છે. ઘણીવાર તો બદનામીની બીકે કે પછી ધમકીઓથી ડરીને આવા કિસ્સામાં પોલીસ સુધી ફરિયાદ પણ પહોંચાડવામાં આવતી હોતી નથી. આ વચ્ચે વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં એક સગીરાને બદનામ કરવાની ધમકી આપી એક સગીરે જ તેની સાથે દુષ્કર્મ આચરી લીધુ છે. આ કારણે તેણીને ત્રણ મહિનાનો ગર્ભ રહી ગયો હતો. પેટમાં દુઃખાવો થતાં સગીરાને પરિવારજનો દવાખાને લઇ ગયા ત્યારે તબિબે જે વાત કહી તેનાથી સૌ કોઇ ખળભળી ગયા હતાં. પોલીસે પોક્સો હેઠળ કાર્યવહી કરી ભોગ બનનાર અને સગીર હવસખોરના તબિબી પરિક્ષણ કરાવ્યા હતાં.

સગીરાઓને અને છાત્રાઓને મિત્રતાના નામે ઓનલાઇન કે પછી રૂબરૂ પાછળ પાછળ ફરીને ફસાવી લેવામાં આવતી હોય છે. આવી જ એક ઘટના વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સામે આવી છે. જેમાં સત્તર વર્ષીય કિશોરે સગીરાને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના સામે આવી હતી. આ બળજબરીને કારણે સગીરાને ત્રણ મહિનાનો ગર્ભ હોવાનું તબીબી તપાસમાં સામે આવતા સમગ્ર ઘટના સામે આવી હતી. ઘટના અંગે જાણ થતા પીડિતાના પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. આ મામલે મંજૂસર પોલીસે તુરત જ ગુનો નોંધવાની કાર્યવાહી કરી હતી અને આરોપી કિશોરને કસ્ટડીમાં લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. વિશેષ માહિતી અનુસાર વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના એક ગામમાં રહેતી સગીરા પર કાયદાના સંઘર્ષમાં આવેલા સત્તર વર્ષીય કિશોરે દુષ્કર્મ આચર્યું હતું. કિશોરે સગીરાનો પીછો કરી પછી ધમકી આપી હતી કે, જો મારી સાથે શારીરિક સંબંધ નહીં બાંધે તો તને સમાજમાં ખોટી રીતે બદનામ કરી દઈશ. આ ધમકીના કારણે ડરી ગયેલી સગીરા સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આરોપી કિશોરે સગીરાને અલગ-અલગ સ્થળોએ લઈ જઈ તેની સાથે અનેક વખત દુષ્કર્મ આચર્યુ હતું. સતત શારીરિક શોષણના પરિણામે સગીરા ગર્ભવતી બની હતી.

ત્યારબાદ બે-ત્રણ મહિના સુધી માસિક ધર્મ ન આવતા માતાને શંકા જાગી હતી. પરિવારજનોએ સગીરાને હોસ્પિટલમાં તબીબી તપાસ માટે લઈ જતાં ડોક્ટરે અંદાજે અઢીથી ત્રણ મહિનાનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું. આ વાત સાંભળીને પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારજનોએ સગીરાને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતાં તેણે સમગ્ર ઘટના જણાવી હતી. સગીરાએ જણાવ્યું હતુ ક સત્તર વર્ષીય કિશોરે ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું, જેના કારણે તે ગર્ભવતી બની છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી માતાએ મંજૂસર પોલીસ સ્ટેશનમાં કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આરોપીને પોલીસ સ્ટેશન ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ સગીરા અને આરોપી કિશોરનું મેડિકલ પરીક્ષણ પણ કરાવવામાં આવ્યું હતું. આ પ્રકારના બનાવોમાં ઘણીવાર સગીરાઓને છાત્રાઓને ફસાવનારા પરીચીતો જ નીકળતાં હોય છે. અથવા તો મોટે ભાગે સોશિયલ મિડીયા મારફત આવા લેભાગુઓ ફ્રેન્ડશીપના ઓઠા તળે આંબા આંબલી બતાવી બાદમાં જે તે સગીરા, છાત્રાઓને પ્રેમની જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી ભગાડી જતાં હોય છે અને જીંદગી બગાડી નાખતા હોય છે. પોતાનો સ્વાર્થ પુરો થઇ ગયા બાદ આવા લેભાગુઓ જે તે બાળા, છાત્રા, યુવતિઓને દગો દઇ ભાગી જતાં હોવાના કિસ્સા પણ ઓછા નથી. આ બનાવમાં સગીરા સાથે સગીરે જ બળજબરી આચરી ગર્ભવતી બનાવી દેતાં ચકચાર મચી ગઇ છે. વાલીઓ માટે પણ આ ઘટના લાલબત્તી સમાન અને ચેતવણી રૂપ બની ગઇ છે.

### એક તરફ પોલીસે ધાડનું કાવત્રુ નિષ્ફળ બનાવ્યું, બીજી તરફ બે લૂંટારા ખેલ પાડી ગયા

# આંગડીયા કર્મીને ગનના નાળચે ડરાવી ૧૯ લાખની લૂંટ

## પેટલવાડી પાસે પ્રાઇમ એન્ટરપ્રાઇઝમાં સવારના પ્હોરમાં ઓફિસ ખોલતાંની સાથે જ આંગડીયા કર્મી લૂંટાયાઃ બે લાખ મોકલવા છે તેમ કહી એક શખ્સ અંદર આવ્યો, બીજો બહાર ઉભો રહ્યોઃ રોકડનો થેલો બચાવવા કર્મચારીએ પ્રયાસ કરતાં બંદૂક દેખાડાઇઃ બંનેને ઝડપી લેવા દોડધામ







રાજકોટ,તા.૩૦

શાંત શહેર રાજકોટમાં એક તરફ થોરાળા પોલીસે ધાડ પાડે એ પહેલા છ શખ્સોને દબોચી લીધા હતાં તો બીજી તરફ સામા કાંઠે પટેલવાડીમાં સવારના પ્હોરમાં બે લૂંટારૂ બંદૂકના નાળચે આંગડીયા કર્મચારીને ડરાવીને ઓગણીસ લાખની રોકડ લઇ નાશી ગયા હતાં. સનસનાટી ભરી લૂંટની ઘટના ભાવનગર રોડ પર પટેલ વાડીના ખુણા નજીક બનતાં પોલીસે ભેદ ઉકેલવા ટીમો કામે લગાડી છે. પ્રાઇમ એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢીના કર્મચારી સાથે ઝપાઝપી કરી તેને ગન બતાવી બે લૂંટારા રૂપિયા ઓગણીસ લાખની રોકડનો થેલો લઇ ભાગી ગયા હતાં. લૂંટની આ ઘટનાને પગલે સામા કાંઠે ચકચાર મચી ગઇ હતી

વિગતો પર નજર કરીએ તો પટેલ વાડી પાસે આવેલી પ્રાઇમ એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢીમાં કર્મચારી હજુ તો રોકડના થેલા સાથે આવ્યા ત્યાં જ હોન્ડા શાઇન મોટરસાઇકલ પર આવેલા બે શખ્સો પૈકી એક શખ્સે અંદર આવી બે લાખનું આંગડીયુ કરવાનું છે તેમ કહી અંદર આવ્યો હતો એ પછી તરત જ રોકડનો થેલો ઉઠાવ્યો હતો. કર્મચારીએ તેને અટકાવતાં તેની સાથે ઝપાઝપી કરી તુરત જ ગન તાંકી દીધી હતી અને રોકડા ૧૯ લાખનો થેલો લૂંટી તેના સાગ્રીત સાથે બાઇકમાં બેસી ભાગી ગયો હતો.

વિશેષ વિગતો પર નજર કરીએ તો ન્યુ જાગનાથ પ્લોટ-૨૩માં વિષ્ણુ એપાર્ટમેન્ટમાં રહેતાં અલ્કેશભાઇ ગીરીશભાઇ દવે ત્રણ વર્ષથી સામા કાંઠે ભાવનગર રોડ પર પટેલ વાડી નજીક બીઓઆઇના એટીએમ નજીક આવેલી પ્રાઇમ એન્ટરપ્રાઇઝ નામની આંગડીયા પેઢીમાં નોકરી કરે છે. આ પેઢીના માલિક જયેશભાઇ ઓઝા વાંકાનેર રહે છે. અલ્કેશભાઇ દવે દરરોજ રાતે પેઢીની જે રકમ ગ્રાહકોને આપવાની, મોકલવાની હોય તે તકેદારીના ભાગ રૂપે ઘરે લઇ જાય છે. ગત રાતે તેઓ રોકડના બે અલગ અલગ થેલા ઘરે લઇ ગયા હતાં. ગુરૂવારે સવારે નિત્યક્રમ મુજબ એક રોકડનો થેલો તેઓ ગોંડલ રોડ પર સમૃધ્ધી ભવનમાં આવેલી પ્રાઇમ એન્ટરપ્રાઇઝની એક બ્રાંચ ખાતે પહોંચાડી દીધો હતો.

તયારબાદ બીજો રૂા. ૧૯ લાખની રોકડનો થેલો લઇને સવારે સાડા દસેક વાગ્યે પટેલવાડી પાસેથી પ્રાઇમ એન્ટરપ્રાઇઝની બ્રાંચ ખાતે આવ્યા હતાં. અહિ ઓફિસ ખોલી અંદર બેઠા તેને માંડ પાંચેક મિનીટ થઇ હતી ત્યાં જ હોન્ડા શાઇન બાઇક પર બે શખ્સ આવીને તેમની ઓફિસ બહાર ઉભા રહ્યા હતાં. જેમાંથી એક શખ્સ ઉતરીને ઓફિસ અંદર આવ્યો હતો અને તેણે અલ્કેશભાઇ દવેને 'મારે બે લાખનું આંગડીયુ કરવાનું છે' તેમ ગુજરાતી ભાષામાં કહ્યું હતું. અલ્કેશભાઇ હજુ વધુ કંઇ તેને પુછે કે વાત કરે એ પહેલા જ આ શખ્સે રોકડના થેલા પર ઝોંટ મારી હતી અને થેલો ઉઠાવી લીધો હતો. આથી અલ્કેશભાઇએ તેની સાથે ઝપાઝપી ચાલુ કરી રોકડનો થેલો બચાવવા પ્રયાસ આદર્યો હતો.

પણ આ વખતે લૂંટારાએ ગન જેવું હથીયાર તાંકી દેતાં અલ્કેશભાઇ ડરી જતાં તેને છોડી દીધો હતો. બાદમાં તે બહાર ભાગતાં અલ્કેશભાઇએ બૂમાબૂમ કરતાં નજીકની પાનની દુકાને ઉભેલા અશ્વીનભાઇ પણ દોડી આવ્યા હતાં. તેણે પણ લૂંટારાને આંતરવાનો પ્રયાસ કર્યો હતો. પણ ગન બતાવતાં તે પણ પાછળ હટી ગયા હતાં. બંને લૂંટારા ૧૯ લાખની રોકડ લૂંટી બાઇક પર બેસી પળવારમાં ભાગી છુટ્યા હતાં. અલ્કેશભાઇએ સ્વસ્થ થઇ તુરત જ પોલીસને અને પોતાના શેઠને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પીઆઇ જી. આર. ચૌહાણ સહિતનો સ્ટાફ પહોંચી ગયો હતો અને વિગતો મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

અલ્કેશભાઇ દવેની ફરિયાદ તેમણે નોંધી હતી. ઘટનાની જાણ થતાં ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ સહિતના અધિકારીઓ, ડીસીબીનો કાફલો, એલસીબી ઝોન-૧ ટીમ પણ પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે લૂંટારા ભાગ્યા ત્યાંથી લઇને આગળ જે તરફ ભાગ્યા એ રસ્તા પરના ફૂટેજ મેળવવા અને બંનેનુ પગેરૂ મેળવવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. લૂંટની ધોળે દિવસે બનેલી આ ઘટનાને પગલે સામા કાંઠાના વેપારીઓમાં ચકચાર મચી ગઇ હતી. લૂંટારા ગુજરાતી ભાષા બોલતા હતાં.

લૂંટ કરીને હોન્ડા શાઇન બાઇક પર ભાગી ગયા હતાં. પોલીસ કન્ટ્રોલ રૂમ દ્વારા આ અંગે મેસેજ પાસ કરી મોબાઇલોને વોચમાં રહેવા સુચના અપાઇ હતી. લૂંટારાઓએ પુરતી રેકી કર્યા બાદ આ લૂંટના કાવત્રાને અંજામ આપ્યાનું જણાઇ રહ્યું છે. પોલીસને આશા છે કે ભેદ ઝડપથી ઉકેલાઇ જશે.

## વિઘ્નો દૂર, આજી નિર્મળ

# રામનાથ મહાદેવ મંદિર પરિસર બનશે ગંદકીમુક્ત

### મનપાનો 'ટ્રેશ બેરિયર' પાયલટ પ્રોજેક્ટ સુપરહિટ, ૧૨૮ ટનથી વધુ જળકુંભીનો નિકાલ કરાયો; હવે શહેરના અન્ય નાળાં-જળાશયોમાં પણ મુકાશે બેરિયર



રાજકોટ, તા. 30

રાજકોટ શહેરની જીવાદોરી સમાન આજી નદી અને ઐતિહાસિક રામનાથ મહાદેવ મંદિર પરિસરને સ્વચ્છ અને પવિત્ર બનાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા (RMC) દ્વારા હાથ ધરવામાં આવેલો એક અનોખો પાયલટ પ્રોજેક્ટ આશાસ્પદ અને અત્યંત સફળ સાબિત થયો છે. મનપા દ્વારા આજી નદીમાં મુકવામાં આવેલા 'ટ્રેશ બેરિયર'ના કારણે નદીમાં તણાઈને આવતી કચરાની ગંદકી અને જળકુંભીને સફળતાપૂર્વક રોકી શકાઈ છે. અત્યાર સુધીમાં ૧૨૮ ટનથી પણ વધુ જળકુંભી અને ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે. આગામી પવિત્ર જન્માષ્ટમીના તહેવાર દરમિયાન રામનાથ મહાદેવ મંદિરે દર્શનાર્થે આવતા હજારો શ્રદ્ધાળુઓને આ વખતે દુર્ગંધ અને ગંદકીના બદલે એકદમ પવિત્ર, સ્વચ્છ અને નયનરમ્ય વાતાવરણનો અનુભવ થશે. આ પ્રયોગની ભવ્ય સફળતાથી ઉત્સાહિત થયેલું મનપા તંત્ર હવે શહેરના અન્ય જળાશયો અને મોટા નાળાઓમાં પણ આવાં ટ્રેશ બેરિયર મુકવા અંગે ગંભીર વિચારણા કરી રહ્યું છે.

રાજકોટની જીવાદોરી સમાન આજી નદી હાલ શહેરના જમીનમાફિયા, બિલ્ડરો અને જવાબદારી વગરના કોન્ટ્રાક્ટરો માટે 'ઓપન ડમ્પિંગ યાર્ડ' બની ગઈ હોય તેવી ગંભીર પરિસ્થિતિ નિર્માણ પામી છે. મનપા દ્વારા નિયત કરવામાં આવેલી ડમ્પિંગ સાઈટ પર જવાના બદલે, ટિપર અને ડમ્પર ચાલકો રાત-દિવસ બેરોકટોકપણે આજી નદીના પેટાળમાં તેમજ કાંઠે ટનબંધ બાંધકામ વેસ્ટ (ઈઓ વેસ્ટ) ઠાલવી રહ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાની જનરલ બોર્ડની બેઠકોમાં વિરોધ પક્ષ અને સ્થાનિક કોર્પોરેટરો દ્વારા આ મુદ્દે અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે અને હોબાળો પણ મચાવવામાં આવ્યો છે. આમ છતાં, મનપાનું તંત્ર આ ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડ્યું છે, જે તંત્રની ઘોર બેદરકારી અને ઈચ્છાશક્તિનો અભાવ છતો કરે છે.

### પર્યાવરણ અને જળચર સૃષ્ટિને મોટો ફાયદો

નદીમાં વ્યાપેલી જળકુંભી પાણીમાંથી ઓક્સિજન સોષી લે છે, જેના કારણે જળચર સૃષ્ટિ (માછલીઓ વગેરે) માટે જોખમ ઊભું થાય છે. ૧૨૮ ટનથી વધુ જળકુંભી દૂર થવાથી નદીના પાણીમાં ઓક્સિજનનું સ્તર સુધરશે અને નદીનું નિવસનતંત્ર ફરી ધબકતું થશે. મનપાના આ વિઝનથી માત્ર મંદિર પરિસર જ સ્વચ્છ નથી બન્યું, પરંતુ રાજકોટને એક સ્વચ્છ અને સુઘડ શહેર બનાવવાની દિશામાં એક મજબૂત કદમ પણ મંડાયું છે.

### પાયલોટ પ્રોજેક્ટ સફળ

આજી નદી પર રામનાથ મહાદેવ મંદિર પાસેનો પાયલટ પ્રોજેક્ટ ૧૦૦% સફળ રહેતાં મનપા તંત્ર હવે આ મોડલને સમગ્ર શહેરમાં અમલી બનાવવા જઈ રહ્યું છે. શહેરમાંથી આજી નદીમાં ભળતા મોટા નાળાઓ જેવા કે પોપટપારા નાળું, લાલપરીનું વહણ વગેરે પર પ્રવેશદ્વાર પાસે જ ટ્રેશ બેરિયર મુકાશે, જેથી ગંદકી નદી સુધી પહોંચે જ નહીં. ન્યારી, લાલપરી અને આજી-૧ ડેમ તરફના વહણોમાં પણ તબક્કાવાર આ બેરિયર લગાવવાનું આયોજન છે. મનપાના આ અભિગમથી રાજકોટ ન માત્ર 'સ્વચ્છ સર્વેક્ષણ'માં મોટો ક્રમાંક મેળવશે, પરંતુ શહેરની નદીઓ અને ઐતિહાસિક સ્થાપત્યોની રોનક પણ પાછી ફરશે.

### આજી નદીમાં રાજ્યનો પ્રથમ સફળ પ્રયોગઃ હવે કચરો નહીં અટકે!

મોડેલ ટ્રેશ બેરિયરની કમાલ અનેરી છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ગત જૂન માસના પ્રથમ સપ્તાહથી સમગ્ર રાજ્યમાં સૌપ્રથમ વાર આજી નદીમાં આ નવતર આયોજન હાથ ધરાયું. બેરિયરને કારણે ચોમાસામાં પણ નદીનો પ્રવાહ અવરોધાયા વગર સતત આગળ વધશે. પ્લાસ્ટિક, ગાંડીવેલ અને તરતો કચરો હવે એક જ જગ્યાએ અટકી જશે. મહાનગરપાલિકાની ટીમ માટે નદીમાંથી કચરો બહાર કાઢવો હવે ખૂબ જ આસાન બન્યો.

### શ્રદ્ધાળુઓ માટે જન્માષ્ટમી બનશે ખાસ

દર વર્ષે જન્માષ્ટમીના મેળા અને તહેવારો દરમિયાન રામનાથ મહાદેવ મંદિરે હજારો ભાવિક ભક્તો ઉમટી પડે છે. ભૂતકાળમાં આજી નદીમાં જળકુંભી અને કચરાના કારણે દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ રહેતો હતો. પરંતુ મનપાના આ સરાહનીય પગલાંને કારણે આ વર્ષે જન્માષ્ટમીમાં દર્શનાર્થીઓને સ્વચ્છ અને ભક્તિમય વાતાવરણનો અદ્ભુત અનુભવ થશે. આજી નદી અને રામનાથ મહાદેવ મંદિર ક્ષેત્રમાં ટ્રેશ બેરિયરનો આ પ્રયોગ અપેક્ષા કરતાં વધુ સફળ રહેતાં મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને એન્જિનિયરિંગ ટીમમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ સફળતાને ધ્યાને રાખીને મનપા હવે સમગ્ર શહેરમાં જ્યાં પણ મોટા નાળા કે જળાશયો આવેલ છે અને જ્યાં કચરો તણાઈને આવવાની સમસ્યા છે, ત્યાં પણ તબક્કાવાર ટ્રેશ બેરિયર મુકવાનું આયોજન કરી રહી છે.

### કેવી રીતે કામ કરે છે આ 'ટ્રેશ બેરિયર'?

ટ્રેશ બેરિયર એ નદી કે નાળાના વહણ વચ્ચે મુકવામાં આવતું એક ખાસ પ્રકારનું મજબૂત ફ્લોટિંગ બેરિયર (ઝાળી/અવરોધ) છે. જ્યારે નદીમાં પાણી વહે છે ત્યારે તેની સાથે તણાઈને આવતી જળકુંભી (પ્લાસ્ટિક, કચરો અને જળચરોને નુકસાન કરતી વનસ્પતિ) આ બેરિયર પાસે આવીને અટકી જાય છે. પાણી આગળ વહી જાય છે અને તમામ કચરો એક જગ્યાએ એકત્રિત થઈ જાય છે, જેથી તેને સરળતાથી મશીનરી દ્વારા બહાર કાઢી શકાય છે. મનપા દ્વારા માત્ર બેરિયર મૂકીને સંતોષ માનવામાં નથી આવ્યો, પરંતુ તેની જાળવણી માટે એક સુદ્રઢ સિસ્ટમ પણ ગોઠવવામાં આવી છે. બેરિયર પાસે એકત્રિત થતા તમામ કચરાને દર અઠવાડિયે જેસીબી અને મોટા હેવી મશીનોની મદદથી નિયમિત રીતે નદીમાંથી ઉપાડી લેવામાં આવે છે. ત્યારબાદ આ કચરાને માત્ર ફેંકી દેવાના બદલે વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોસેસિંગ કરવા માટે નિયત કરવામાં આવેલી સાઈટ પર મોકલીને સુચારુ રીતે નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ કામગીરીને કારણે આજી નદીનું વહણ ચોખ્ખું થયું છે અને રામનાથ મહાદેવ મંદિર આસપાસનો વિસ્તાર ગંદકીમુક્ત બન્યો છે.

# મિલકત ટ્રાન્સફરની પેન્ડિંગ નોંધો ૭ દિવસમાં ઉકેલાશે

### જિલ્લામાં ૩૫ પેન્ડિંગ નોંધો પર કલેક્ટરનું સીધું મોનિટરિંગ
### સરકારી કચેરીઓના ધક્કામાંથી નાગરિકોને મુક્તિ



રાજકોટ, તા. 30

રાજકોટ જિલ્લામાં જમીન અને મિલકત ખરીદ-વેચાણ ક્ષેત્રે વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી, પારદર્શક અને નાગરિક-કેન્દ્રી બનાવવા માટે જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી રેવન્યુ અધિકારીઓની ખાસ સમીક્ષા બેઠકમાં કલેક્ટરે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે, મિલકત નોંધણી અને ટ્રાન્સફર સંબંધિત તમામ પેન્ડિંગ કામગીરીનો આગામી માત્ર સાત દિવસની અંદર જ ત્વરિત નિકાલ કરવામાં આવે.

અગાઉના સમયમાં મહેસૂલી પ્રક્રિયાઓમાં મિલકત ખરીદ-વેચાણ સંબંધિત નોંધો મંજૂર કે ના મંજૂર કરવામાં ૯૦ દિવસ જેટલો લાંબો સમય લાગી જતો હતો. આ સમયમર્યાદા વધુ હોવાના કારણે અરજદારો અને સામાન્ય નાગરિકોને વારંવાર સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા, જેનાથી નાગરિકોનો સમય અને નાણાં બંનેનો વ્યય થતો હતો. કલેક્ટર ડો. ઓમપ્રકાશના આ ક્રાંતિકારી નિર્ણયથી હવે ૯૦ દિવસની લાંબી રાહ જોવાની પ્રક્રિયાનો અંત આવશે અને માત્ર એક સપ્તાહની અંદર જ કેસોનો આખરી નિકાલ લાવવામાં આવશે, જેનાથી રાજકોટ શહેર અને જિલ્લાના હજારો અરજદારોને મોટી રાહત મળશે.

રાજકોટ શહેર તેમજ સમગ્ર જિલ્લામાં હાલ મિલકત ખરીદ-વેચાણને લગતી કુલ ૩૫ મહેસૂલી નોંધો પેન્ડિંગ બોલે છે. જિલ્લા કલેક્ટરે આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને બેઠક દરમિયાન તમામ પેન્ડિંગ કેસોની વિગતવાર સમીક્ષા કરી હતી. તેમણે તમામ સંબંધિત રેવન્યુ અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી છે કે આ તમામ ૩૫ નોંધોને આગામી ૭ દિવસમાં ક્લિયર કરી દેવામાં આવે. કલેક્ટરે અધિકારીઓને નિર્દેશ આપ્યા છે કે કામગીરીમાં કોઈ પણ પ્રકારનો બિનજરૂરી વિલંબ ચલાવી લેવાશે નહીં. જિલ્લા પ્રશાસન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પ્રજાલક્ષી સેવાઓ વધુ સરળ અને ઝડપી બને તે માટે વહીવટી તંત્ર સતત કાર્યરત છે.

કલેક્ટરે રેવન્યુ ટીમ સાથે ચર્ચા કરીને કામગીરીમાં આવતી વહીવટી અડચણો દૂર કરી તાત્કાલિક ફાઈલોનો નિકાલ કરવાની મજબૂત વ્યવસ્થા ગોઠવી છે. આગામી સાત દિવસ દરમિયાન તમામ ૩૫ પેન્ડિંગ નોંધોનો ત્વરિત નિકાલ કરીને રાજકોટ જિલ્લા પ્રશાસન એક સરાહનીય ઉદાહરણ પૂરું પાડવા જઈ રહ્યું છે.

### નાગરિકોને ધક્કામાંથી મુક્તિ અને પારદર્શિતામાં વધારો

મિલકતની નોંધો બિનજરૂરી રીતે અટકેલી રહેવાને કારણે ખરીદનાર અને વેચનાર બંને પક્ષકારો વહીવટી ગૂંચવણોમાં અટવાઈ જતા હતા. કલેક્ટરના આ કડક વલણથી નીચે મુજબના મોટા ફાયદા થશેઃ

- **ધક્કામાંથી મુક્તિ :-** અરજદારોને કચેરીઓમાં વારંવાર ચક્કર મારવામાંથી કાયમી મુક્તિ મળશે.
- **ઝડપી પ્રક્રિયા :-** જમીન-મિલકતના ટ્રાન્સફર અને નોંધણીની કામગીરી સમયસર પૂરી થશે.
- **રિયલ્ટી ક્ષેત્રને વેગ :-** મિલકત વ્યવહારો ઝડપી બનતા રાજકોટના રિયલ્ટી ક્ષેત્ર અને આર્થિક પ્રવૃત્તિઓને પણ પોઝિટિવ બૂસ્ટ મળશે.અધિકારીઓ નિયત સમયમર્યાદામાં નિર્ણય લેવા માટે જવાબદાર બનશે.

## વેરો પૂરો, સુવિધા શૂન્ય

# કોઠારીયામાં ડામર રોડ મુદ્દે બહેનોએ થાળી વગાડી જગાડ્યું તંત્રને!

### ૧૫-૧૫ વર્ષથી ખાડા-કીચડનું સામ્રાજ્યઃ ૧૪ વર્ષથી નિયમિત ટેક્સ ભરતા ૫૦૦થી વધુ રહીશોમાં ભારે આક્રોશ, ઉકેલ નહીં આવે તો હાઈકોર્ટના દરવાજા ખખડાવવાની ચીમકી

રાજકોટ, તા. 30

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે શહેરના અનેક વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓનો ઘોર અભાવ છતો થઈ રહ્યો છે. ચોમાસું શરૂ થતાં જ ડામર રોડની સુવિધા વગરના વિસ્તારોમાં પ્રજાની હેરાનગતિનો કોઈ પાર રહેતો નથી. હજુ ગઈકાલે જ વોર્ડ નંબર ૧માં સોસાયટીના ખરાબ રસ્તા મુદ્દે મહિલાઓએ થાળી વગાડીને અનોખો વિરોધ નોંધાવ્યો હતો, ત્યાં જ આજે વોર્ડ નંબર ૧૮ના કોઠારીયા રોડ પર આવેલી સોસાયટીઓની મહિલાઓએ પણ રસ્તા પર ઉતરી, હાથમાં થાળી-વેલણ લઈ થાળીઓ વગાડીને દોઢ દાયકા જૂની રસ્તાની ખખડધજ હાલત સામે પોતાનો પ્રચંડ રોષ વ્યક્ત કર્યો છે.તમામ પ્રકારના મ્યુનિસિપલ વેરા નિયમિત ભરવા છતાં ડામર રોડ જેવી પ્રાથમિક સુવિધા ન મળતા, હવે આ વિસ્તારના જાગૃત નાગરિકોએ મહાપાલિકા સામે અદાલતમાં પીટીશન દાખલ કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

દોઢ દાયકા અગાઉ આ તમામ વિસ્તારો કોઠારીયા ગ્રામ પંચાયત હેઠળ આવતા હતા. વર્ષ ૨૦૧૫માં કોઠારીયા અને વાવડી વિસ્તારનો રાજકોટ મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્થાનિકોને આશા હતી કે મનપામાં ભળ્યા બાદ તેમના દિવસો બદલાશે અને પાકા રસ્તા મળશે, પરંતુ આ વાતને ૧૦ વર્ષ જેટલો સમય થવા આવ્યો હોવા છતાં આ વિસ્તારોએ આજે પણ ડામર રોડના દર્શન કર્યા નથી. ખાસ કરીને કોઠારીયા મેઈન રોડ પર લાપાસરી રોડે, રણુજા મંદિર સામે આવેલી 'ઋષિત પ્રસાદ સોસાયટી'ની હાલત અત્યંત દયનીય છે. તંત્ર દ્વારા માત્ર સ્થાનિકોના વિરોધને શાંત કરવા 'મેટલીંગ' (કાંકરી-માટી) નાખી દેવામાં આવે છે. પરંતુ ચોમાસામાં સામાન્ય વરસાદ પડતાં જ આ માટી ધોવાઈ જાય છે અને આખી સોસાયટીની શેરીઓમાં ગારા-કીચડનું સામ્રાજ્ય સર્જાઈ જાય છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં રહેતા ૩૦૦થી વધુ નાગરિકોની સહીઓ સાથે મહાપાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશ્નરને લેખિત પત્ર તથા ઈ-મેઈલ દ્વારા અનેક રજૂઆતો કરવામાં આવી છે. બે દિવસ પહેલા પણ કમિશ્નરને ઈ-મેઈલ મોકલવામાં આવ્યો હતો. પરંતુ અફસોસની વાત એ છે કે, તંત્ર દ્વારા આ રજૂઆતોનો કોઈ જવાબ પણ આપવામાં આવતો નથી કે કામ ક્યારે પૂરું થશે તેની કોઈ ખાતરી આપવામાં આવતી નથી. સોસાયટીના આગેવાનોનું કહેવું છે કે, આ વિસ્તારમાં ૫૦૦થી વધુ લોકો વસવાટ કરે છે. લોકો છેલ્લા ૧૪ વર્ષથી મહાનગરપાલિકાના તમામ પ્રકારના વેરા બિલ નિયમિતપણે ભરે છે. પરંતુ ટેક્સ વસૂલવામાં એક દિવસનો પણ વિલંબ ન ચલાવી લેતી મહાપાલિકા સુવિધા આપવાના નામે મીંડું સાબિત થઈ રહી છે. રહીશોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો ઘરવેરા સામે પ્રાથમિક સુવિધાઓ નહીં મળે, તો તેઓ ટૂંક સમયમાં જ હાઈકોર્ટમાં 'રેટ પીટીશન' દાખલ કરી તંત્રને કાનૂની પાઠ ભણાવશે.



### અત્યારે હંગામી ધોરણે રસ્તો સરખો કરો, ચોમાસા પછી ડામર રોડ આપો

હાલમાં જ વરસાદનો નવો રાઉન્ડ શરૂ થવાની શક્યતાઓ છે, ત્યારે રહીશોએ માંગણી કરી છે કે ચોમાસા દરમિયાન લોકોની હાલાકી દૂર કરવા માટે તાત્કાલિક ધોરણે હંગામી ધોરણે રસ્તો ચાલવા યોગ્ય બનાવવામાં આવે અને ચોમાસું પૂરું થતાં જ પ્રાથમિકતાના ધોરણે આખી સોસાયટીમાં પાકો ડામર રોડ બનાવવામાં આવે.

### ચારેય કોર્પોરેટરો અને દંડક સામે જનતાનો સવાલ!

નોંધનીય છે કે, વોર્ડ નંબર ૧૮માંથી સતત બીજી વખત ચૂંટાયેલા કોર્પોરેટર સંજયસિંહ રાણા હાલમાં મહાપાલિકાના દંડક જેવા જવાબદાર પદ પર છે. આ ઉપરાંત તેમની સાથે આ જ વોર્ડમાંથી બીજી વખત ચૂંટાયેલા મહિલા કોર્પોરેટરો દક્ષાબેન વાઘેલા અને ભારતીબેન પરસાણા પણ પ્રતિનિધિત્વ કરે છે. વોર્ડના તમામ ચારેય કોર્પોરેટરો સત્તાધારી પક્ષના હોવા છતાં, દોઢ દાયકા જૂનો ડામર રોડનો પ્રશ્ન ઉકેલાતો નથી તે બાબત સ્થાનિકોમાં ભારે ચર્ચા અને આક્રોશનો વિષય બની છે. હવે જોવાનું એ રહેશે કે થાળી વગાડીને ઊંઘતું ઝડપાયેલું તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રજાના આ અવાજને સાંભળે છે કે પછી રહીશોને અદાલતના દરવાજા ખખડાવવાની ફરજ પડશે!